અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૩, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ ત્રીજ | અંક : ૫૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### ફાઈનલમાં ભારતે શ્રીલંકાને ૧૦ વિકેટે હરાવ્યું

# ભારતે ઐતિહાસિક જીત સાથે ૮મી વખત એશિયા કપ જીત્યો

**સિરાજના ઝંઝાવાત સામે શ્રીલંકન ટીમ ૫૦ રનમાં ઓલ-આઉટ, ભારતે ૬.૧ ઓવરમાં જ લક્ષ્યાંક પાર પાડ્યો, સિરાજ બાદ હાર્દિક પંડ્યાએ ત્રણ રનમાં ત્રણ વિકેટ ઝડપી**

। કોલંબો, તા.૧૭ ।

એશિયા કપ ૨૦૨૩ની ફાઈનલ મેચમાં ભારતીય ક્રિકેટ ટીમે એવી સિદ્ધિ નોંધાવી છે કે જેની કલ્પના ભાગ્યે જ કોઈએ કરી હશે. રવિવારે શ્રીલંકા વિરુદ્ધ રમાયેલી ફાઈનલ ભારતીય ઝડપી બોલર ખાસ કરીને મોહમ્મદ સિરાજના નામે રહી હતી. તેણે ૨૧ રન આપીને છ વિકેટ ઝડપી હતી. સિરાજ બાદ હાર્દિક પંડ્યાએ ત્રણ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી જેના કારણે શ્રીલંકન ટીમ વેરવિખેર થઈ ગઈ હતી. શ્રીલંકા ૫૦ રનમાં જ ઓલઆઉટ થઈ ગયું હતું. ત્યારબાદ ઈશાન કિશન અને શુભમન ગિલે જોરદાર બેટિંગ કરી હતી અને માત્ર ૬.૧ ઓવરમાં જ ૫૧ રનનો ટાર્ગેટ હાંસલ કરીને ઈતિહાસ રચ્યો હતો. બાકી બોલ અને વિકેટની દ્રષ્ટિએ વન-ડે ક્રિકેટમાં આ સૌથી મોટો વિજય છે. આ સાથે ૨૦૧૮ પછી આ પ્રથમ વખત છે જ્યારે ભારત મલ્ટી ટીમ ટુર્નામેન્ટ જીત્યું છે. છેલ્લે ટીમ ઈન્ડિયા ૨૦૧૮માં રોહિત શર્મા આગેવાનીમાં જ એશિયા કપ જીતી હતી. આ આઠમી વખત છે જ્યારે ભારત એશિયા કપ જીત્યું છે. તેણે ૧૯૮૪, ૧૯૮૮, ૧૯૯૦, ૧૯૯૫, ૨૦૧૦, ૨૦૧૬ (૨૦ ફોર્મેટ), ૨૦૧૮ અને ૨૦૨૩માં ટાઈટલ જીત્યું છે.



### મોહમ્મદ સિરાજે પોતાની વન-ડે કારકિર્દીમાં ૫૦ વિકેટ પુરી કરી

**નવી દિલ્હીઃ ભારત અને શ્રીલંકા વચ્ચે એશિયા કપની ફાઈનલ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાઈ રહી છે. આ મેચમાં શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે તેનો નિર્ણય તેની આખી ટીમને ભારે પડી ગયો હતો. ટીમના છ બેટ્સમેન ૧૨ રનની અંદર પેવેલિયન ભેગા થયા હતા. મોહમ્મદ સિરાજે ભારત માટે ખતરનાક બોલિંગ કરી હતી. તેણે છ વિકેટ ઝડપી હતી. સિરાજે સાત ઓવરમાં ૨૧ રન આપ્યા હતા. શ્રીલંકાની ઇનિંગ્સની શરૂઆત ખરાબ રહી હતી. જસપ્રિત બુમરાહે શ્રીલંકાને પહેલી ઓવરના ત્રીજા બોલ પર પહેલો ઝટકો આપ્યો હતો. તેણે કુસલ પરેરાને કેએલ રાહુલના હાથે કેચ કરાવ્યો હતો. પરેરા ખાતું પણ ખોલાવી શક્યો નહોતો.**

### ૭૩ મણ સુખડી બનાવી ગાયોને ખવડાવાઈ

## વડાપ્રધાન મોદીના ૭૩માં જન્મ દિવસે ૭૩ મણ સુખડી બનાવાઈ

**પીએમના જન્મ દિવસે ભાજપના આગેવાનો દ્વારા ૭૩ મણ સુખડી બનાવીને પાંજરાપોળની ગાયોને ખવડાવવામાં આવી**

। મોરબી, તા.૧૭ ।

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની આજે સમગ્ર ભારત દેશની અંદર ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે મોરબી માળિયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય અને ભાજપ પરિવાર દ્વારા નરેન્દ્ર મોદીના ૭૩ માં જન્મદિવસ નિમિત્તે ૭૩ મણ સુખડી બનાવીને પાંજરાપોળ તથા ગૌશાળાઓમાં રાખવામાં આવેલ ગાયોને આપવામાં આવી. આ રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘાયુ આયુષ્ય માટે ભગવાનને પ્રાર્થના કરવામાં આવી. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે આજે સમગ્ર ભારત દેશની અંદર ભાજપ પરિવાર દ્વારા જુદી જુદી જગ્યાઓ પર જુદી જુદી પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે મોરબી માળિયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા તથા ભાજપ પરિવાર દ્વારા નરેન્દ્ર મોદીના ૭૩ માં જન્મદિવસ નિમિત્તે મોરબી શહેરની ઉમા ટાઉનશીપ ખાતે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાના નિવાસ સ્થાને કેક કટીંગ કરવામાં આવ્યું હતું.

**ગૌ માતાના દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આશીર્વાદ મળે તે માટે ખાસ વ્યવસ્થા ગોઠવાઈ.**

કાંતિભાઈ અમૃતિયા, મોરબી જિલ્લા ભાજપના પ્રમુખ રણછોડભાઈ દલવાડી, મહામંત્રી નરેન્દ્રસિંહ ઝાલા અને જેઠાભાઈ મિયાત્રા, શહેર ભાજપ પ્રમુખ લાખાભાઈ જારીયા, મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પરેઘી સહિતના ભાજપ પરિવાર દ્વારા ૭૩ મણ સુખડી બનાવાઈ હતી. આ સુખડી મોરબીના લીલાપર રોડ ઉપર આવેલ પાંજરાપોળ, યદુનંદન ગૌશાળા સહિત જુદી જુદી ગૌશાળાઓમાં રાખવામાં આવેલ ગૌમાતાઓને આપવામાં આવી હતી. ભાજપના આગેવાનો દ્વારા પોતાના હાથે ગૌમાતાને સુખડી જમાડવામાં આવી હતી.

### ન્યૂઝ બ્રિફ

## પાંચ વર્ષમાં ૧૮ હજારથી વધુ વૃક્ષ ગેરકાયદે કપાયાં



। ગાંધીનગર, તા.૧૭ ।

ગુજરાતના વન્યજીવ અભયારણ્યો સંદર્ભે કેગનો ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. કેગના રિપોર્ટમાં ખુલાસો કરાયો કે, ગુજરાત રાજ્ય પાસે રાજ્યની ચોક્કસ વન નીતિ નથી. રાષ્ટ્રિય વન નીતી અને રાષ્ટ્રિય વન્યજીવન કાર્ય યોજનાના અમલીકરણ માટે પણ કોઈ પદ્ધતિ નથી. ગુજરાત રીંછ સંરક્ષણ અને કલ્યાણ કાર્ય યોજના હેઠળ કામગીરી હજૂ પણ બાકી છે. વન અધિકાર અધિનિયમ નાં ૧૪ વર્ષ પછી પણ મહત્વના વન્યજીવન આવાસ નક્કી થયા નથી. તો વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવામાં વિલંબ થયો અને અભયારણ્યોનું સંચાલન હંગામી ધોરણે થયું. કેગના રિપોર્ટમાં અન્ય બાબતો વિશે જણાવાયું કે, વન કર્મચારીઓને અપાયેલી રાઈફલ સિવાયની રાઈફલની તાલીમ અપાઈ. તપાસ નાકા સ્થપાયા ન હતા અથવા નિષ્ક્રિય હતા. ૨૪ કલાક સંચાર માટે ઉપકરણો પૂરતા પ્રમાણમાં ન હતા. મંજૂરી બાકી હોવા છતાં રસ્તાઓ પહોળા કરવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું.

## સુરતમાં સ્ટેટ GST વિભાગની મોટી કાર્યવાહી, ૯ પેઢીના ૨૧ સ્થળો પર દરોડા

। સુરત, તા.૧૭ ।

સ્ટેટ જીએસટી વિભાગની ટીમો દ્વારા આજે વહેલી સવારે સુરતમાં કોપર આઈટમ સાથે સંકળાયેલી પેઢીઓનાં ૨૧ જેટલા સ્થળો પર આકસ્મિક તપાસ હાથ ધરી હતી. ત્યારે હાલ સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા ૩ વેપારીની ધરપકડ કરી છે. સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા સુરતનાં કેટલાક સ્થળો પર વહેલી સવારે દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં કોપર આઈટમ સાથે સંકળાયેલા ૯ પેઢીનાં ૨૧ સ્થળો પર તપાસ હાથ ધરવામાં આવી હતી. સ્ટેટ જીએસટી દ્વારા હાથ ધરાયેલ તપાસમાં રૂપિયા ૬૭૦ કરોડનાં બોગસ બિલનાં આધારે રૂપિયા ૧૨૦ કરોડની ખોટી વેરાશાખ ભોગવી હતી.

### ૨૨ સપ્ટેમ્બરથી શરૂ થશે વનડે સિરીઝ

## ભારત સામે સિરીઝ માટે ઓસ્ટ્રેલિયાની ટીમ જાહેર

**ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રણ વનડે મેચની સિરીઝનો પ્રથમ મુકાબલો ૨૨ સપ્ટેમ્બરે મોહાલીમાં થશે**



। કેનબેરા, તા.૧૭ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વિશ્વકપ પહેલા ત્રણ મેચની વનડે સિરીઝ રમાવાની છે. આ સિરીઝમાં બંને ટીમ પોતાની વિશ્વકપની તૈયારીઓને આખરી ઓપ આપશે. આ માટે ઓસ્ટ્રેલિયાની ટીમ જાહેર કરી દેવામાં આવી છે. ભારત સામે ત્રણ મેચની સિરીઝ માટે ઓસ્ટ્રેલિયન ટીમમાં ઘણા મહત્વના ખેલાડીઓની વાપસી થઈ છે. ભારત સામે સિરીઝમાં ઓસ્ટ્રેલિયાના ઈજાગ્રસ્ત ખેલાડીઓ વાપસી કરશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વનડે સિરીઝની પ્રથમ મેચ ૨૨ સપ્ટેમ્બરે મોહાલીમાં રમાશે. તેમાં હવે વધુ સમય બાકી નથી. ઓસ્ટ્રેલિયાએ પોતાની ટીમ જાહેર કરી છે, તેની કમાન પેટ કમિન્સને આપવામાં આવી છે. અત્યારે જે ઓસ્ટ્રેલિયન ટીમ આફ્રિકામાં રમી રહી છે તેમાં પેટ કમિન્સ નથી. આ ટીમમાં મિચેલ સ્ટાર્ક, ગ્લેન મેક્સવેલ, સ્ટીવ સ્મિથની વાપસી થઈ છે. આ ખેલાડીઓની વાપસી બાદ કાંગારૂ ટીમ મજબૂત લાગી રહી છે. ઓસ્ટ્રેલિયાની ટીમમાં ઓપનર ટ્રેવિસ હેડને સ્થાન મળ્યું નથી. ટ્રેવિસ હેડ આફ્રિકા સામે ચોથી વનડેમાં ઈજાગ્રસ્ત થયો હતો. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તરફથી કહેવામાં આવ્યું છે કે હેડ ઓસ્ટ્રેલિયા પરત ફર્યા બાદ ડોક્ટરો સાથે વાત કરશે.

### ૧૩ હજાર કરોડનો ખર્ચ, ૩૦ લાખ પરિવારને સીધો લાભ

## વિશ્વકર્મા જયંતિના શુભઅવસર પર મોદીએ લોન્ચ કરી વિશ્વકર્મા યોજના

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દ્વારકામાં 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન એન્ડ એક્સ્પો સેન્ટર' એટલે કે 'યશોભૂમિ'ના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યું**

। નવી દિલ્હી, તા.૧૭ ।

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૩મો જન્મદિવસ છે. સ્વતંત્ર ભારતમાં જન્મેલા દેશના પ્રથમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશને અનોખી ભેટ આપી છે. પીએમ મોદીએ આજે દિલ્હીમાં યશોભૂમિ નામના ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન અને એક્સ્પો સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું. PM વિશ્વકર્મા યોજના પણ આજે શરૂ થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દ્વારકામાં 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન એન્ડ એક્સ્પો સેન્ટર' એટલે કે 'યશોભૂમિ'ના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રોજેક્ટનો ખર્ચ ૫,૪૦૦ કરોડ રૂપિયા છે. આ સાથે દ્વારકામાં નવી મેટ્રો લાઈનનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીના દ્વારકામાં સ્થિત ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન અને એક્સ્પો સેન્ટર 'યશોભૂમિ'નું ઉદ્‌ઘાટન કર્યું. વડાપ્રધાન મોદીએએ વિશ્વકર્મા યોજના શરૂ કરી. તેમણે ૧૮ કામદારોને પ્રમાણપત્રો પણ આપ્યા હતા. વડાપ્રધાને કહ્યું કે વિશ્વકર્મા સાથી કરોડરજ્જુ છે. આજનો દિવસ કારીગરોને



સમર્પિત છે. વિશ્વકર્મા યોજના પર ૧૩ હજાર કરોડ રૂપિયા ખર્ચાશે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે વિશ્વકર્માના સાથીઓની તાલીમ પર ભાર મૂકવામાં આવશે. તેમણે કહ્યું કે 'જ્યારે બેંક ગેરંટી નથી આપતી ત્યારે મોદી ગેરંટી આપે છે.' ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન એન્ડ એક્સ્પો સેન્ટર (IICC) – 'યશોભૂમિ' ના તબક્કા-૧ના ઉદ્‌ઘાટન સમારોહમાં PM મોદીએ કહ્યું કે "આજે વિશ્વકર્મા જયંતિ છે, આ દિવસ કારીગરોને સમર્પિત છે. હું દેશને વિશ્વકર્મા જયંતિની શુભેચ્છા પાઠવું છું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે બેંક ગેરંટી નથી આપતી પણ મોદી ગેરંટી આપે છે.

### ૧૮થી ૨૧ સપ્ટેમ્બર સુધી રહેશે વરસાદી માહોલ

## ગુજરાતમાં ચાર દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી થઈ

**કેટલાક ભાગોમાં સામાન્યથી હળવા વરસાદની સંભાવના**

। અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતમાં મેઘમહેર વચ્ચે ફરી એકવાર હવામાન વિભાગની આગાહી સામે આવી છે. મહત્વનું છે કે, સતત બે દિવસથી રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં મેઘરાજાની પધરામણી થઈ છે. ઓગસ્ટ મહિનામાં ખૂબ રાહ જોવડાવ્યા બાદ હવે ભાદરવા મહિનામાં વરસાદનું આગમન થયું છે. આ તરફ હવામાન વિભાગે પણ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે ૧૮થી ૨૧ સપ્ટેમ્બર સુધી એટલે કે આગામી ૪ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે. ગુજરાતમાં આગામી ૪ દિવસ ભારે વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગે કહ્યું છે કે, ૧૮થી ૨૧ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. આ સાથે રાજ્યના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે.

### વિવેક રામાસ્વામીની ચોખ્ખી વાત

## US પ્રેસિડન્ટ બનીશ તો H-1B વિઝા પ્રોગ્રામ બંધ કરીશ

**રામાસ્વામીએ ૨૯ વખત આ વિઝા પ્રોગ્રામનો ઉપયોગ કર્યો છે**

। વોશિંગ્ટન, તા.૧૭ ।

અમેરિકાની આગામી પ્રેસિડન્ટની ચૂંટણી માટે ઈમિગ્રેશન અને સિટિઝનશિપ નો મુદ્દો પણ છવાયેલો રહેશે. રિપબ્લિકન પાર્ટીના પ્રેસિડન્ટપદના ઉમેદવાર વિવેક રામાસ્વામીએ H-1B વિઝાની નીતિનો ઉગ્ર વિરોધ કર્યો છે અને તેને કરારબદ્ધ ગુલામી તરીકે ગણાવ્યા છે. તેમણે ચોખ્ખી વાત કરી છે કે તેઓ ચૂંટણી જીતીને અમેરિકાના પ્રમુખ બનશે તો H-1B વિઝા પ્રોગ્રામ બંધ કરી દેશે.




## અંબાજીમાં મેળાની તડામાર તૈયારી

# અંબાજીમાં યાત્રિકો માટે રહેવા અને જમવા માટેના ડોમ તૈયાર

। બનાસકાંઠા, તા.૧૭ ।

યાત્રાધામ અંબાજીમાં મેળાને લઈને સબંધિત વિભાગ દ્વારા તૈયારીનો ધમધમાટ ચાલી રહ્યો છે. આગામી તા. ૨૩ થી લઈ ૨૯ સપ્ટેમ્બર સુધી યાત્રાધામ અંબાજીના આંગણે ભવ્યાથી ભવ્ય મેળો યોજાશે. જેમાં લગભગ ૪૦ લાખથી વધુ શ્રદ્ધાળુ સહભાગી બને તેવા સંજોગો વર્તાઈ રહ્યા છે. ત્યારે ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ અને શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ તથા બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રના સહિયારા પ્રયાસથી રાજ્યકક્ષાના મેળાની ભવ્ય તૈયારીઓ ચાલી રહી છે. હાલ દેવસ્થાન ટ્રસ્ટ અને યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા લગભગ તમામ તૈયારીઓ પૂર્ણતાના આરે છે. અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાને લઈને શ્રદ્ધાળુઓની સુવિધામાં ક્યાંય પણ ચૂક ન રહે તે માટે તંત્ર દિવસ રાત એક કરી કામગીરી કરી રહ્યું છે. રહેવા જમવાના ડોમથી માંડી પાર્કિંગ, મોબાઈલ ચાર્જિંગ, પાનીઝ હાઉસકિપિંગ, અગ્નિશામકના સાધનો સહિતની તમામ સુવિધાઓ ઉભી કરી દેવામા આવી છે. સાથે જ મંદિર સહિત સમગ્ર પરિસરને રંગ બેરંગી રોશનીના શણગાર કરતા માતાજીના મંદિરની શોભા ઝગજગારા મારી રહી છે.. યાત્રિકોને સહેજ સમસ્યા ન આવે તે માટે ડિજિટલ પહેલ પણ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ઊઈ કોડ લોન્ચ કરવામાં આવશે. જે ઊઈ કોડની મદદ વડે યાત્રિકોને રહેવા અને જમવાનું ચોક્કસ લોકેશન આંગળીના ટેરવે શોધી શકશે.

## ખાડિયામાં યુવાન પર બુટલેગર અને તેના સાગરીતોઓ બેઝ બોલના દંડાથી હુમલો કર્યો

। અમદાવાદ ,તા.૧૭ ।

અમદાવાદમાં બુટલેગરો બેફામ બની રહ્યા છે.શહેરના ખાડિયા વિસ્તારમાં એક યુવાન પર બુટલેગર અને તેના સાગરીતોઓ બેઝ બોલના દંડાથી હુમલો કર્યો હતો. યુવક પર બુટલેગરે ધોંસ જમાવતા તેને ધમકી આપી હતી. યુવકને તુ પોલીસનો માણસ છો અને અરજીઓ કરતો હોવાનો આરોપ મુકી યુવક સાથે બબાલ કરી હતી અને યુવકને બેઝબોલના દંડા વડે ફટકાર્યો હતો. શહેરના ખાડિયા વિસ્તારમાં બુટલેગરોની દાદાગીરી વધી રહી છે. અહીં એક યુવાન પર બુટલેગરે અને તેના બે માણસોએ બેઝબોલના દંડા વડે માર માર્યો હતો. આ શખ્સોએ યુવાનને પોલીસનો માણસ કહીને અરજીઓ કરતા હોવાનો આરોપ મૂકીને બબાલ કરી હતી. ઝઘડો કરતા સમયે તેણે ખાડિયાના પીઆઈ અને વહીવટદારો પણ તેનું કાંઇ નહિ કરે તેમ કહીને તે ત્યાંથી ફરાર થતાં ખાડિયા પોલીસે ત્રણ લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સમગ્ર ઘટનાની હકીકત અનુસાર સારંગપુરની પંડીતજીની પોળમાં રહેતા પારીતોષભાઈ રાવલ ટ્રાવેલ એજન્સીનું કામ કરે છે. બે દિવસ પહેલા તેઓ પોળના નાકે બેઠા હતા.

## ખેડામાં અજંપાભરી પરિસ્થિતિ, મદરેસા પરથી મળી આવ્યા પથ્થર

# ઠાસરામાં બીજા દિવસે પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

## શાળાઓ ખાલીખમ, SP-DySP સહિત ૧૫૦ પોલીસનો કાફલો તૈનાત

। ખેડા, તા.૧૭ ।

ખેડાના ઠાસરામાં શિવજીની સવારી પર ગઈકાલે પથ્થરમારો થયો હતો અને બંન્ને જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. જે ઘટનાને લઈ પોલીસ એક્શનમાં આવી હતી અને કાર્યવાહીનો ધમધમાટ શરૂ કર્યો છે. તેમજ પોલીસે હાલ ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો છે. અત્રે જણાવી દઈએ કે, શિવજીની યાત્રા પર પથ્થરમારા મામલે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.




પથ્થરમારા મામલે ૩ અલગ અલગ FIR નોંધાઈ છે. તેમજ ૫ થ્થરમારાની ઘટનામાં સંડોવાયેલા ૧૧ આરોપીની ધરપકડ પણ કરવામાં આવી છે. ૧ હજાર ૫૦૦થી વધુ લોકોના ટોળા સામે ફરિયાદ દાખલ કરાઈ છે. ૧૭ લોકો સામે નામ જોગ સહિત ૭૦ લોકોના ટોળા સામે પણ ફરિયાદ નોંધાઈ છે, જ્યારે બીજી ફરિયાદમાં ૭ નામજોગ સાથે ૫૦ લોકોના ટોળા સામે ફરિયાદ દાખલ થઈ છે. અન્ય આરોપીઓની પોલીસ તપાસ કરી રહી છે. ખેડા જિલ્લાના ઠાસરામાં પથ્થરમારાની ઘટનામાં મોટો ખુલાસો થયો છે. મદરેસાની છત પરથી પથ્થરો મળી આવ્યા છે. પોલીસ દ્વારા મદરેસાની છત પર જઈને તપાસ કરાઈ હતી. જ્યા પૂર્વયોજિત કાવતરું હતું કે કેમ તેને લઈને તપાસ શરૂ કરાઈ છે. શ્રાવણી અમાસને લઈ ઠાસરામાં શિવજીની સવારી પર પથ્થરમારાની ઘટના બનતા વાતાવરણ તંગ બન્યો હતો. ખેડાના ઠાસરામાં બીજા દિવસે પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામા આવ્યો છે. **1 SP, 1 DySP, 4 PI 24 PSI** સહિત કુલ ૧૫૦ પોલીસકર્મી ખડેપગે છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સ્થિતિ કાબુમાં છે તેમજ પોલીસ તપાસમાં પથ્થરમારા અંગે કેટલાક અનુમાન પણ સામે આવ્યા છે.

## શિક્ષકો માટે ગુડ ન્યૂઝ : સાતમા પગાર પંચની ચૂકવણી અંગે શિક્ષણમંત્રીએ કર્યું એલાન

। અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતની ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત સરકારે રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જે મુજબ સીધી ભરતીથી નિમણૂંક પામનાર આચાર્યને ૦૫-૦૧-૧૯૬૫ના ઠરાવ મુજબના લાભ મળશે. શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે આ અંગે ટ્વીટ કરીને માહિતી આપી છે. શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે ટ્વીટમાં લખ્યું છે કે, 'માન. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના દૂરંદેશી નેતૃત્વ હેઠળ રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓના હિતમાં રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય' ટ્વીટની સાથે એક ફોટો પણ પોસ્ટ કરવામાં આવ્યો છે. ફોટોમાં લખેલું છે કે, સીધી ભરતીથી નિમણૂંક પામનાર આચાર્યને તા: ૦૫/૦૧/૧૯૬૫ના ઠરાવ મુજબનો લાભ મળશે. સાતમા પગાર પંચના પાંચમા હપ્તાની ચૂકવણી કરાશે.

## ટેલિગ્રામ પર ટાસ્ક પૂરા કરવાના ચક્કરમાં શખ્સે ૨૧ લાખ ગુમાવ્યા

। વડોદરા, તા.૧૭ ।

વડોદરાનાં કારેલીબાગ વિસ્તારમાં રહેતો શખ્શ દ્વારા ટેલીગ્રામ પર જોબ આપવાની લાલચ આપવામાં આવતી હતી. ત્યારે આરોપીઓ દ્વારા એરોઝ મીડિયા વર્લ્ડ નામની વેબસાઈટ દ્વારા રજીસ્ટ્રેશન કરાવી ટાસ્ક પુરા કરવાનાં બહાને એકાઉન્ટમાંથી રૂપિયા સેરવી લેતા હતા. જેમાં એક નાગરિકને આપ વામાં આવેલ ટાસ્કમાં ૭૫ હજારનાં રોકાણ સામે ૯૭ હજાર ૨૦૦ નું વળતર આપી વિશ્વાસ કેળવ્યો હતો. જે બાદ યુવક વિશ્વાસમાં આવી અલગ અલગ ટાસ્ક પૂરા કરી વધુ વળતરની લાલચે નાગરિકે ૨૧ લાખથી વધુની રકમ ગુમાવી હતી. જે બાદ ફરિયાદીને માલુમ પડ્યું કે તેની સાથે છેતરપ ીંડી થઈ છે. આ બાબતે ફરિયાદીએ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અમદાવાદ, ગાંધીનગર અને ભાવનગરની ટોળકીનાં ૬ સભ્યોને ઝડપી પાડ્યા હતા.ઝડપાયેલા તમામ આરોપીઓ જીગર શુક્લ, જતીન પટેલ, સંદીપ પંડ્યા, પ્રદ્યુમ્ન વાઘેલા, રિયાઝ પઠાણ, ખાલિદ પઠાણની ધરપકડ કરી હતી.

## નંબર પ્લેટ લગાવીને જ નવા વાહન આપવા પરિપત્ર મામલો

# વાહન ડીલર્સને RTOની કામગીરી સોંપવાના પરિપત્ર વિરુદ્ધ હાઈકોર્ટમાં થયેલી અરજી

## અમદાવાદ અને કલોલનાં ૩૬ વાહન ડીલર્સ દ્વારા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે

। અમદાવાદ, તા.૧૭ ।

**RTO** દ્વારા નવા વાહનને ડીલર્સ દ્વારા જ નંબર પ્લેટ સાથે વાહન આપવાનો પરિપત્ર કરવામાં આવ્યો હતો. ત્યારે વાહન ડીલર્સને **RTO** ની કામગીરી સોંપવાનાં પરિપત્ર વિરૂદ્ધ ડીલર્સ દ્વારા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જે મામલે ડીલર્સ દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. જેમાં આરટીઓ દ્વારા કરાયેલ પરિપત્રનાં અમલ પર સ્ટે માંગવા દાદ મંગાઈ છે. અમદાવાદ અને કલોલનાં ૩૬ વાહન ડીલર્સ દ્વારા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. હાઈકોર્ટે ટ્રાન્સપોર્ટ કમિશનર અને **RTO**ને પાઠવી નોટિસ વાહન ડીલર્સ દ્વારા હાઈકોર્ટમાં દાખલ કરેલ અરજીમાં જણાવ્યું છે કે, **RTO** દ્વારા ડીલર્સ પર જવાબદારી નાંખી દેવાઈ જે અયોગ્ય અને અન્યાયકારી છે. અમારી પાસે સરકારની જેમ દસ્તાવેજોની ખરાઈ કરવાની વ્યવસ્થા નથી. પબ્લિક



પાસેથી ટેક્સ વસૂલીની કામગીરી ડીલર્સનાં માથે નાંખી શકાય નહી. સરકારી અધિકારીઓની કામગીરી બિન તાલીમાર્થીઓ પર નાંખી શકાય નહી. તેમજ ડીલરોની અરજી પર હાઈકોર્ટ ટ્રાન્સસપોર્ટ કમિશ્નર અને **RTO** ને નોટિસ પાઠવી છે. આ અરજીની વધુ સુનાવણી ૨૧ સપ્ટેમ્બરનાં રોજ હાધ ધરાશે. થોડા સમય પહેલા જ ડીલર્સને કામગીરી સોંપાઈ હતી થોડા સમય અગાઉ જ નવા નંબર કાઢવાની અને નંબર પ્લેટ લગાવવાની કામગીરી પણ ડિલર્સને સોંપવામાં આવી છે. તમામ વાહનોના રજિસ્ટ્રેશનથી લઈને નંબરની ફાળવણી સુધીની પ્રક્રિયા શોરૂમમાંથી જ કરવામાં આવશે. જેથી ફી અને ટેક્સ ભર્યા બાદ તરત જ વાહનમાં નંબર પ્લેટ પણ લાગી જશે. **RTO**ના ધક્કા નહીં ખાવા પડે વાહન માલીકોએ નંબર પ્લેટ વગર વાહનોની ડિલીવરી શોરૂમ સંચાલકો કરી શકશે નહીં. વાહનની ખરીદી બાદ સૌથી પહેલા ગ્રાહકોએ **HSRP** નંબર પ્લેટ મેળવવાની રહેશે. જે નંબર પ્લેટ વાહનોમાં લગાવ્યા બાદ જ ગ્રાહકોને ડિલીવરી કરી શકાશે. જેના કારણે હવે વાહનચાલકોને આરટીઓના ધક્કામાંથી મુક્તિ મળશે. જો કોઈ નંબર પ્લેટ વગરનું નવું વાહન રસ્તા પર ફરતું દેખાશે તો ડિલર સામે પણ કાર્યવાહી થઈ શકે છે. જો કાઈ શોરૂમ સંચાલક ગેરરીતિ આચરશે તો **RTO** દ્વારા તેની સામે કાયદાકીય પગલા ભરવામાં આવશે.

## દાહોદમાં મોટી દુર્ઘટના બનતા રહી ગઈ

# દુરંતો એક્સપ્રેસનું એન્જીન અને પાવર કોચ પાટા પરથી ઉતરી ગયું

### રેલવેના અધિકારીઓ કર્મચારીઓ ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચીગયા હતા, અને પૂરજોશમાં કામગીરી શરૂ કરાઈ હતી

। દાહોદ, તા.૧૭ ।

દાહોદમાં મોટી દુર્ઘટના બનતા રહી ગઈ. પેસેન્જર ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી, જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ આ અકસ્માતથી દિલ્હી મુંબઈ મુખ્ય રેલ માર્ગ પ્રભાવતિ થયો છે. પેસેન્જર ટ્રેન પાટા પરથી ઉતરતા દિલ્હી બોમ્બે રેલ માર્ગ બંધ કરાયો હતો. દિલ્હી મુંબઈ મુખ્ય રેલ માર્ગ બંધ હોવાના ૫ ગલા અનેક ટ્રેનોને અસર થઈ છે. મધ્યપ્રદેશમાં અમરગઢ સ્ટેશન નજીક આ ઘટના બની હતી. પેસેન્જર ટ્રેન ૧૨૪૯૪ દુરંતો એક્સપ્રેસનું એન્જિન અને પાવર કોચ પાટા પરથી ઉતરી ગયુ હતું. આ ઘટનાની જાણ થતા જ રેલવેના અધિકારીઓ કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. રેલવેના અધિકારીઓ કર્મચારીઓ ઘટના સ્થળે તાત્કાલિક પહોંચી ગયા હતા, અને પૂરજોશમાં કામગીરી શરૂ કરાઈ હતી. જોકે, બપોર



બાદ રેલ્વે માર્ગ શરુ થવાની શક્યતા છે. આ ઘટના બાદ રેલ્વે વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી ટ્રેનના મુસાફરો માટે નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. હાલ દિલ્હી તરફ જતો રેલ માર્ગ ચાલુ કરાયો છે. પરંતુ મુંબઈ તરફ જતો માર્ગ ધીમે ધીમે શરુ કરાયો છે. આ માટે રેલ્વે વિભાગ દ્વારા હેલ્પ લાઈન નંબર જાહેર કરાયા છે. જેથી મુસાફરો આ અંગે પૂછપરછ કરી શકે છે.

- દાહોદ - ૦૨૬૭૩૨૨૦૧૧૨
- રતલામ -૦૭૪૧૨૨૩૨૩૮૨
- નાગદા - ૦૭૩૬૬૨૪૬૯૦૯

મહત્વનું છે કે ગઈકાલે દાહોદથી આણંદ જતી પેસેન્જર મેમુ ટ્રેનમાં આગ લાગી હતી.

## છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદના કારણે ઓરસંગ નદી બે કાંઠે

। છોટાઉદેપુર, તા.૧૭ ।

ઉપરવાસમાં મધ્યપ્રદેશ અને છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદ પડવાને લઈને છોટાઉદેપુર જિલ્લાની જીવાદોરી ગણાતી ઓરસંગ નદીમાં ભારે પાણીની આવક થઈ છે.છોટાઉદેપુર જિલ્લાની જીવાદોરી ગણાતી ઓરસંગ નદીમાં પાણીની આવક થઈ છે. ચેકડેમ ઓવરફ્લો થયો છે. ઉપરવાસમાં મધ્યપ્રદેશ અને છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદ પડવાને લઈને છોટાઉદેપ ુર જિલ્લાની જીવાદોરી ગણાતી ઓરસંગ નદીમાં ભારે પાણીની આવક થઈ છે. ઓરસંગ નદી બે કાંઠે વહી રહી છે. છોટાઉદેપુર નજીક ઓરસંગ નદી ઉપર ચેકડેમ પણ ઓવર ફ્લો થતા આહલાદક દ્રષ્યો જોવા મળ્યા છે. ઓરસંગ નદીમાં પાણીની આવક થતા જિલ્લાના ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. છોટાઉદેપુર નજીક ઓરસંગ નદી ઉપર ચેકડેમ પણ ઓવર ફ્લો થતા આહલાદક દ્રષ્યો જોવા મળ્યા છે. ઓરસંગ નદીમાં પાણીની આવક થતા જિલ્લાના ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

## વિશેષ લેખ

## ગુજરાતના સૌથી લાંબો કાર્યકાળ ધરાવતા મુખ્યમંત્રી બન્યા

# નરેન્દ્રભાઈ મોદીની અનોખી જીવન સફર

## આજે વડાપ્રધાન તરીકે વિશ્વભરમાં સૌથી વધુ લોકપ્રિય ગણાય છે



### સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

નરેન્દ્ર દામોદરદાસ મોદીનો જન્મ એક મધ્યમ વર્ગના હિન્દુ કુટુંબમાં અમદાવાદથી ૧૧૨ કીમી અને મહેસાણાથી ૩૪ કીમી દૂર વડનગર ખાતે થયો હતો. તે દામોદરદાસ મૂલચંદ મોદી અને તેમના માતા હીરાબેન મોદીના છ સંતાન પૈકી ત્રીજુ સંતાન છે.તેમનું હુલામણું નામ એન.ડી. હતું. તે નાનપણથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્ય હતા. તેઓ ધાર્મિક હતા અને મહાદેવના મંદિરે જતા હતા. તેઓએ ૧૭ વર્ષની વયે ગૃહ ત્યાગ કર્યો હતો. તે હિમાલયમાં તેમજ રામકૃષ્ણ પરમહંસના બેલુર મઠમાં પણ રહી ચૂક્યા છે. ઈંદિરા ગાંધીએ લાદેલી કટોકટી વખતે તેઓ ભૂગર્ભમાં જતા રહ્યા હતા. આ કટોકટી વખતે જ તેમણે સંઘર્ષમાં ગુજરાત નામનું પુસ્તક લખ્યું હતું. તેમને કિશોરાવસ્થાથી રાજકારણમાં રસ હતો. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી રાજકીય વિજ્ઞાનમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. ૧૯૯૮માં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા લાલકૃષ્ણ અડવાણીએ ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીમાં પ્રચાર માટે તેમની પસંદગી કરી હતી. ઈ.સ. ૨૦૦૧ના વર્ષમાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે રાજીનામું આપ્યા બાદ તેઓ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે મુખ્યમંત્રી બન્યા હતા. વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં જંગી બહુમતીથી જીત્યા બાદ તેઓ ગુજરાત રાજ્યના સતત ચોથી વખત ચૂંટાઈ આવેલા એક માત્ર મુખ્યમંત્રી છે. મોદી ભારતની અંદર અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદમાં રહી ચૂક્યા છે.

તેઓ ગુજરાતના સૌથી લાંબો કાર્યકાળ ધરાવતા મુખ્યમંત્રી છે.નરેન્દ્ર મોદીનો જન્મ વડનગરનાં એક મધ્યમ વર્ગના હિન્દુ પરિવારમાં થયો હતો જે તે સમયે ભારતનાં મુંબઈ રાજ્યમાં આવતું હતુ. ૧૯૬૭માં તેમણે ગુજરાતમાં રેલ પ્રભાવિત લોકોની સેવા કરી હતી. યુવાન વયે જ તેઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે જોડાઈ ગયા હતા.યુવાનાવસ્થામાં તેઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સંસ્થામાં એક વિદ્યાર્થી તરીકે જોડાયા અને ભ્રષ્ટાચાર વિરોધી નવનિર્માણ આંદોલનમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં સંપૂર્ણ સમયના કાર્યકર તરીકે જોડાયા પછી તેમને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના પ્રતિનિધિ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.તેઓ કિશોરાવસ્થામાં તેમના ભાઈ સાથે ચા ની લારી ચલાવતા હતા. તેમણે ભારતમાં સામાજીક અને સાંસ્કૃતિક વિકાસના કાર્ય સાથે સંકળાયેલી સંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાઈને પણ કાર્ય કર્યું છે.

નરેન્દ્ર મોદીએ શાળાકીય અભ્યાસ વડનગરમાં પૂર્ણ કરેલો છે. તેઓ ગુજરાત યુનિવર્સિટીમાંથી રાજયશાસ્ત્ર વિષય સાથે અનુસ્નાતક થયા હતા. તે એક સારા લેખક તરીકે પણ જાણીતા છે, તેમના લખાયેલા ઘણા પુસ્તકો પ્રસિદ્ધ પણ થયા છે.

નરેન્દ્ર મોદીનો જન્મ વડનગરનાં એક મધ્યમ વર્ગના હિન્દુ પરિવારમાં થયો હતો જે તે સમયે ભારતનાં મુંબઈ રાજ્યમાં આવતું હતુ. ૧૯૬૭માં તેમણે ગુજરાતમાં રેલ પ્રભાવિત લોકોની સેવા કરી હતી. યુવાન વયે જ તેઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે જોડાઈ ગયા હતા.યુવાનાવસ્થામાં તેઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સંસ્થામાં એક વિદ્યાર્થી તરીકે જોડાયા અને ભ્રષ્ટાચાર વિરોધી



નવનિર્માણ આંદોલનમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં સંપૂર્ણ સમયના કાર્યકર તરીકે જોડાયા પછી તેમને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના પ્રતિનિધિ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.તેઓ કિશોરાવસ્થામાં તેમના ભાઈ સાથે ચા ની લારી ચલાવતા હતા.તેમણે ભારતમાં સામાજીક અને સાંસ્કૃતિક વિકાસના કાર્ય સાથે સંકળાયેલી સંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાઈને પણ કાર્ય કર્યું છે. દેશ ના વડાપ્રધાન તરીકે ઉભરી રહેલા નરેન્દ્ર મોદી ઘણા વર્ષો સુધી રાષ્ટ્રીય સ્વયંસેવકસંઘના પ્રચારક રહ્યા હતા. તેમણે ગુજરાત યુનિર્વસિટીમાંથી રાજકીય શાખાની માસ્ટર ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ તેમણે રાજનીતિમાં ઝંપલાવ્યું હતુ.

૧૯૯૪માં ગુજરાત વિધાનસભામાં ભાજપની જીતમાં મોદીની રણનીતિ સફળ રહી.

૧૯૯૪માં મોદીને પક્ષના રાષ્ટ્રીય સચિવ બનાવાયા.

૧૯૯૮માં પક્ષના મહાસચિવ બનાવાયા.

ઓક્ટોબર ૨૦૦૧માં મોદીના સમયમાં ગોધરાકાંડ થયો.

ગોધરાકાંડ બાદ ભારે દબાણમાં આવી ગયા બાદ મોદીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામુ આપ્યુ અને ફરીથી ચૂંટણી યોજાઈ.

વર્ષ ૨૦૦૨માં વિધાનસભાની ૧૮૨ સીટોમાંથી ૧૨૭ સીટો મેળવીને ભાજપને જંગી બહુમતિથી વિજય અપાવ્યો.

૨૦૦૪માં અમેરિકા દ્વારા મોદીના ગોધરાકાંડની સંડોવણી બદલ વીઝા આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૦૬ જુલાઈમાં મોદીએ વડાપ્રધાન મનમોહનસિંહ પર આતંકવાદ તરફ કુણુ વલણ અપનાવવા બદલ જોરદાર ટીકા કરી હતી.

૨૦૦૭માં બીજી વખત જંગી બહુમતિ મેળવીને મુખ્યમંત્રી તરીકે નિયુક્ત થયા હતા.

૨૦૧૧ના અંતમાં અને ૨૦૧૨ની શરૂઆતમાં મુસલમાનોને પોતાની તરફ ખેંચવા માટે સદ્ભાવના મિશન જેવા અભિયાનો હાથ ધરીને ઉપવાસ કર્યા હતા જેની દેશભરમાં નોંધ લેવાઈ હતી.

૨૪ ઓગસ્ટ ૨૦૧૧ના રોજ લોકાયુક્તની નિયુક્તિના મુદ્દે મોદી સરકાર અને રાજ્યના રાજ્યપ ાલ વચ્ચે મતભેદો ઉભા થયા હતા.

વર્ષ ૨૦૧૨માં ગુજરાતમાં મોદીના નેતળત્વ હેઠળ ત્રીજી વખત વિધાનસભાની ચૂંટણી જીતીને સતત ત્રીજી વખત મુખ્યમંત્રી તરીકે નિયુક્ત થયા છે.

માર્ચ ૨૦૧૩માં ભાજપના સંસદીય બોર્ડના મુખ્ય સભ્ય તરીકે નિમણૂંક કરાઈ હતી.

જૂન ૨૦૧૩માં ગોવામાં ભાજપના ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ પદે નિયુક્ત કરાયા હતા

પુરસ્કારો :

૩૦ જાન્યુઆરી ૨૦૦૬ – "ઈન્ડિયા ટુડે" દ્વારા રાષ્ટ્ર ભરમાં હાથ ધરવામાં આવેલી મોજણીમાં, નરેન્દ્ર મોદીને દેશના શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યાં.

૫ ફેબ્રુઆરી ૨૦૦૭ – ઈન્ડિયા ટુડે -ઓઆરજી માર્ગ દ્વારા રાષ્ટ્રભરમાં હાથ ધરવામાં આવેલી મોજણીમાં ત્રીજી વખત શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યાં, જે કોઈપણ મુખ્યમંત્રી માટે ૫-વર્ષના સમયગાળા દરમિયાન એક અનન્ય ઉપલબ્ધિ છે.

૨૫ ઑગસ્ટ ૨૦૦૯– FDI magazine દ્વારા વર્ષ ૨૦૦૯ માટેના એફડીઆઈ વ્યક્તિત્વના એશિયાઈ વિજેતા તરીકે પસંદગી પામ્યા.

**પૂના ગુજરાતી બંધુ સમાજ દ્વારા ગુજરાત રત્ન કમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડીયા દ્વારા ઇ-રત્ન શ્રેષ્ઠ મુખ્યમંત્રી-ઇન્ડીયા ટુડે મેગેઝીન દ્વારા મળેલ છે**

**ન્યૂઝ બ્રિફ**

## ૭૦ ફૂટ ઉંડા ખાડામાંથી દોરડા વડે ત્રણ શ્રમિકોનું દિલધડક રેસ્ક્યૂ

| ભરૂચ, તા.૧૭ |

ભરૂચનાં કાંસિયા ગામમાં પાણી ફરી વળ્યા હતા. ત્યારે અચાનક પાણીનો પ્રવાહ વધતા ખેતરમાં કામ કરી રહેલા ૨ યુવકો પાણીમાં ફસાયા હતા. સાતઘોડા વિસ્તારમાં ૨ યુવક પાણીમાં ફસાયા હોવાની જાણ થતા પોલીસ અને તંત્રએ બંને યુવકનું રેસ્ક્યું કર્યું હતું. ગત રોજ નર્મદા ડેમમાંથી પાણી છોડાતા નર્મદાનાં નીચાણવાળા વિસ્તારનાં અનેક ગામોમાં પાણી ફરી વળ્યા હતા. વડોદરા જીલ્લાનાં બરકાલ ગામનાં બેટમાં લોકો ફસાયા હતા. વ્યાસ બેટમાં ૧૨ લોકો ફસાયા હતા. જેથી લોકોએ મંદિરનાં ધાબા પર આશરો લીધો હતો. લોકોને રેસ્ક્યું કરવા એરફોર્સની મદદ લેવાઈ હતી. અનેક જગ્યાએ રોડ પર પાણી ફરી વળ્યા હતા. દેવગઢ બારિયા તાલુકામાં ઉચવાણ પાસે પાનમ નદીમાં ૩ લોકોનું રેસ્ક્યું કરાયું હતું. રેસ્ક્યુ ટીમનાં મેમ્બર અને ૧ સ્થાનિક વ્યક્તિ નદીમાં ફસાયા હતા. જેઓને એસડીઆરએફ ની ટીમે બોટ મારફતે રેસ્ક્યું કરી બહાર કાઢ્યા હતા. ઉપરવાસમાં ભારે વરસાદને લઈ બનાસકાંઠાની નદીઓમાં ઘોડાપુર આવ્યા હતા. આબુરોડ પાસેનાં શિવગંજની જવાઈ નદીમાં ૪ શ્રમિકો ફસાયા હતા.

## નર્મદા ડેમમાંથી પાણી છોડાતાં ચાંદોદ ગામ ડૂબ્યું

| વડોદરા, તા.૧૭ |

ડભોઈ તાલુકાનાં ચાંદોદ ગામમાં જળપ્રલયના દ્રશ્યો સામે આવ્યા છે. સરદાર સરોવર ડેમમાંથી ૧૯ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું, ત્યાર બાદ પૂરના પાણી ઘુસતા ચાંદોદ ગામ બેટમાં ફેરવાયું છે. મુખ્ય બજારોમાં એક માળ સુધી પાણી ભરાયા છે. અહીં મકાનો, દુકાનો, મંદિરો પાણીમાં ગરકાવ થયા છે. આ દરમિયાન ચાંદોદના માછીમારોની સરહાનીય કામગીરી સામે આવી છે. માછીમારો ફસાયેલા લોકોનું રેસ્ક્યૂ કરીને મદદ કરી રહ્યા છે.

ચાંદોદ ગામમાં નર્મદાના પાણી ઘૂસતાં જળપ્રલય જેવી સ્થિતિ સર્જાઇ છે. અહીં લોકોનાં મકાનો, દુકાનો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ચાંદોદ નગરમાં જળબંબાકારની સ્થિતિ વચ્ચે નાવડીઓ ફરતી થઈ છે. લોકો જીવના જોખમે સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. ડભોઈ તાલુકાના ચાંદોદ ગામે મધ્ય રાત્રે સરદાર સરોવર ડેમમાંથી ૧૯ લાખ પાણી છોડવામાં આવ્યું હતું. જેને લઈ ડભોઈ તંત્ર દ્વારા ચાર ગામોને એલર્ટ અપાવ્યું હતું. જ્યારે હવે ચાંદોદ, ભીમપુરા, નંદેરીયા અને કરનાળી સહિતના ગામો બેટમાં ફેરવાયા છે.



માન્ચેસ્ટર યુનાઇટેડના વિક્ટર લિન્ડેલોફ, ડાબે, માન્ચેસ્ટર, ઇંગ્લેન્ડના ઓલ્ડ ટ્રેફોર્ડ સ્ટેડિયમ ખાતે માન્ચેસ્ટર યુનાઇટેડ અને બ્રાઇટન અને હોવ એલ્બિયન વચ્ચે ઇંગ્લિશ પ્રીમિયર લીગ સોકર મેચ દરમિયાન બ્રાઇટનના ઇવાન ફર્ગ્યુસનને પડકાર આપે છે.

### યુએસ પ્રેસિડન્ટ જો બાઈડનને ઓવરટેક કર્યા

## વર્લ્ડનાં પોપ્યુલર ગ્લોબલ લીડરની યાદીમાં મોદી ટોપ પર

### મોર્નિંગ કંસલ્ટ દ્વારા જાહેર ગ્લોબલ લીડર અપ્રૂવલ રેટિંગ ટ્રેકર રિપોર્ટ પ્રમાણે પીએમ મોદીને ૭૬ ટકા ભારતીયોનું સમર્થન

| નવી દિલ્હી, તા.૧૭ |

દુનિયાભરના પ્રમુખ નેતાઓની અપ્રૂવલ રેટિંગ મોર્નિંગ કંસલ્ટ ગ્લોબલ લીડર અપ્રૂવલ રેટિંગ ટ્રેકર રિપોર્ટમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટોપ પર છે તો દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂન સિયોર યૂલ સૌથી છેલ્લા નંબર પર છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો આ યાદીમાં ૧૦મા નંબર પર છે. ત્યારે સૌથી પ્રિય નેતાઓની ટોપ-૫ લિસ્ટની વાત કરીએ તો ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી પછી સ્વિટ્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ એલેન બર્સેટ ૬૪ ટકા અપ્રૂવલ રેટિંગ સાથે બીજા, મેક્સિકોના રાષ્ટ્રપતિ એંડ્રેસ મેન્યુઅલ લોપેજ ઓબ્રાડોર ૬૧ ટકા અપ્રૂવલ રેટિંગ સાથે ત્રીજા, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લૂલા ડિસિલ્વા ૪૯ ટકા અપ્રૂવલ રેટિંગ સાથે ચોથા જ્યારે ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થની અલ્બાનીઝ ૪૮ ટકા અપ્રૂવલ રેટિંગ સાથે પાંચમા નંબર પર છે. અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડન ( ૪૦ ટકા ) સાતમા, બ્રિટેનના વડાપ્રધાન ઋષિ સુનક (૨૭ ટકા) ૧૫માં, જર્મનીના ચાન્સેલર ઓલફ સોલ્જ ( ૨૫ ટકા ) ૧૭મા અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુઅલ મૈક્રો ( ૨૪ ટકા ) ૧૯માં નંબર પર છે. આ યાદીમાં સ્પેન, આયરલેન્ડ, બેલ્જિયમ, પોલેન્ડ, સ્વીડન, નોર્વે, ઓસ્ટ્રિયા, જાપાન, નેધરલેન્ડ અને ચેક રિપબ્લિકના નેતા પણ સામેલ છે. મોર્નિંગ કંસલ્ટે જણાવ્યું કે આ અપડેટેડ રેટિંગ રિપોર્ટ ૬થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન એકત્ર કરાયેલા આંકડાઓ પર આધારિત છે. અપ્રૂવલ રેટિંગ દરેશ દેશમાં વયસ્ક નાગરિકોના ૭ દિવસીય મૂવિંગ એવરેજ પર આધારિત છે. દેશના અનુસાર સેમ્પલ સાઈઝ આની અલગ અલગ હોય છે. પોલિટિકલ ઈન્ટેલિજન્સ, મોર્નિંગ કંસલ્ટના એક પ્લેટફોર્મ છે જે રાજકીય ચૂંટણી, નિર્વાચિત અધિકારીઓ અને મતદાનના મુદ્દાઓ પર રિયલ ટાઈમમાં પોલિંગ ડેટા પ્રદાન કરે છે. મોર્નિંગ કંસલ્ટ પ્રતિદિવસ ૨૦ હજારથી વધુ ગ્લોબલ ઈન્ટવ્યૂ આયોજિત કરે છે. ગ્લોબલ લીડર ડેટા કોઈ નિશ્ચિત દેશમાં તમામ વયસ્કોના સાત દિવસીય મૂવિંગ એવરેજ પર આધારિત છે, જેમાં /-૪ ટકા અંકો સુધીનું માર્જિન ઓફ એરર હોય છે. અમેરિકામાં એવરેજ સેમ્પલ સાઈઝ લગભગ ૪૫ હજાર છે.

### ૫ લોકોના જીવ જોખમમાં મૂકાયા

## દાહોદમાં મૂશળધાર વરસાદ થતા નદીના પૂરમાં કાર તણાઇ

### મૂશળધાર વરસાદના કારણે દાહોદના સુખસરની ખારી નદીમાં કાર તણાઈ : ફાયર ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું

| દાહોદ, તા.૧૭ |

હવામાન વિભાગની વરસાદીની આગાહી વચ્ચે મેઘરાજાએ દાહોદને પણ ધમરોળ્યું છે અહીં ભારે વરસાદના કારણે નદી ગાંડીતૂર થતા રસ્તા પર નદીના પાણી ફરી વળ્યાં છે. દાહોદના સુખસરની ખારી નદીમાં કાર તણાઈ હતી. જેના કારણે ૫ લોકોના જીવ જોખમમાં મૂકાયા હતા. જો કે ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચીને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું . સમગ્ર દાહોદ જિલ્લામાં ધોધમાર વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. અનેક રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોની સ્થિતિ વધુ ખરાબ છે. અહીની દૂધમતિ નદી બે કાંઠે વહેતા મંદિરમાં પાણી ભરાઈ ગયા હતા. શહેરના વિવિધ મંદિરો વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયા છે. વનખંડી, ઓમરાકેશ્વર સાંઈ ધામ મંદિરમાં પાણી ભરાઈ જતાં મંદિરને શ્રદ્ધાળુઓ માટે બંધ કરવામાં આવ્યું હતું.

### પૂર્વી ચીનનું હાંગઝૂ પ્રાણીસંગ્રહાલયનો વિવાદ

## યુકેના પ્રાણીસંગ્રહાલયમાં માણસ જેવું રીંછ જોવા મળ્યું

### પેરેડાઈઝ વાઈલ્ડલાઈફ પાર્કે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યુ, અમે પુષ્ટિ કરી શકીએ છીએ કે કાયરા એક સન બિયર છે

| લંડન, તા.૧૭ |

સોશિયલ મીડિયા પર ‘માણસ જેવા રીંછ’નો એક વીડિયો વાયરલ થયા બાદ પૂર્વી ચીનનું હાંગઝૂ પ્રાણીસંગ્રહાલય વિવાદોમાં આવ્યુ છે. ત્યારથી પ્રાણીસંગ્રહાલયે આ આરોપોને ફગાવ્યા છે કે રીંછ વેશભૂષા પહેરેલુ નથી, પરંતુ તે અસલી રીંછ છે. હવે યુકેના પેરેડાઇઝ વાઈલ્ડલાઈફ પાર્કએ પોતાના પ્રાણીસંગ્રહાલયમાંથી આવા જ દેખાતા રીંછનો વીડિયો શેર કર્યો છે. પેરેડાઈઝ વાઈલ્ડલાઈફ પાર્કે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યુ, અમે પુષ્ટિ કરી શકીએ છીએ કે કાયરા એક સન બિયર છે. પ્રાણીસંગ્રહાલયે જે વીડિયો શેર કર્યો છે, તેમાં તમે માનવી જેવા દેખાતા રીંછને નજીકથી જોઈ શકો છો. ક્લિપની શરૂઆતમાં કાયરાને બગીચા જેવા વિસ્તારમાં ફરતુ જોવામાં આવે છે. આ પોસ્ટને ૧ ઓગસ્ટે શેર કરવામાં આવી હતી. પોસ્ટ કર્યા બાદથી આને ૩૪ હજારથી વધુ વખત લાઈક કરવામાં આવી ચૂકી છે. જેની પર ઘણી કમેન્ટ પણ આવી છે.

### ભારે વરસાદના પગલે નિર્ણય લેવાયો

## નર્મદા જિલ્લામાં આવેલ આંગણવાડી, પ્રાથમિક શાળાઓ આજે બંધ રહેશે

### કેટલાક જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, જેને લઈ સાવચેતીના ભાગરૂપે સ્કૂલ-કોલેજો બંધ રહેશે

| અમદાવાદ, તા.૧૭ |

ભારતીય હવામાન વિભાગ દ્વારા તા ૧૮-૦૯-૨૦૨૩ સુધી નર્મદા જિલ્લા તેમજ મધ્યપ્રદેશના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી (રેડ એલર્ટ) આપવામાં આવેલ છે. ભારે વરસાદના પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે નર્મદા જિલ્લાના તમામ તાલુકાઓમાં આવેલ આંગણવાડી, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આઈ.ટી.આઈ. તથા કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો હુકમ નર્મદા જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ સી.એ. ગાંધી દ્વારા એક જાહેરનામા દ્વારા કરાયો છે. આ જાહેરનામાનો બંધ કરનાર વ્યક્તિ તથા કૃત્ય માટે પ્રેરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. દાહોદમાં વરસાદને લઈને આવતીકાલે શાળાઓમાં રજા રહેશે. દાહોદ જિલ્લામાં અતિભારે વરસાદને પગલે સોમવારે સ્કૂલો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

### ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ

## દક્ષિણ ભારતના કેટલાક રાજ્યોમાં તોફાનની શક્યતા

### પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે, દેશના બાકીના ભાગોમાં વીજળી પડવાની સંભાવના

| નવી દિલ્હી, તા.૧૭ |

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દક્ષિણ ભારતના કેટલાક રાજ્યોમાં તોફાનની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. પહાડી રાજ્યો ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ મુશળધાર વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે. દેશના બાકીના ભાગોમાં વીજળી પડવાની સંભાવના છે.આ ઉપરાંત અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને રાજસ્થાનમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. મધ્યપ્રદેશમાં વરસાદની શક્યતા છે.

## સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા આવેલા ટૂરિસ્ટો અધવચ્ચે અટવાયા

### સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાના તમામ માર્ગ બંધ, અટવાયેલા રાહદારીઓનું પોલીસની સાથે ઘર્ષણ

| નર્મદા, તા.૧૭ |

હવે નર્મદા જિલ્લામાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. આ તરફ હવે નર્મદા કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું છે. વાત જાણે એમ છે કે, નર્મદા જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે હવે જિલ્લાની તમામ શાળા, કોલેજો બંધ રાખવા આદેશ કરવામાં આવ્યો છે. આ સાથે નર્મદાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાના તમામ માર્ગ બંધ હોઈ હાઈવે પર પાણી ફરી વળતા



રાહદારીઓ અટવાયા હોવાનું પણ સામે આવ્યું છે. નર્મદા જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું છે.

**વિશેષ** વિશ્વકર્મા જયંતીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના કુશળ શ્રમયોગીઓને આપી પીએમ વિશ્વકર્મા યોજનાની ભેટ

# મુખ્યમંત્રીના હસ્તે લાભાર્થીઓને લાભો એનાયત કરવામાં આવ્યા

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ‘પીએમ વિશ્વકર્મા યોજના’ના શુભારંભ કાર્યક્રમમાં અમદાવાદ ખાતેથી સહભાગી થતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭૭મા સ્વતંત્રતા દિવસના અવસર પર લાલ કિલ્લા પરથી દેશવાસીઓને ‘વિશ્વકર્મા યોજના’ શરૂ કરવાનું વચન આપ્યું હતું. પોતાના આ વચનને પરિપૂર્ણ કરતા વિશ્વકર્મા જયંતી અને પોતાના જન્મદિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના કુશળ શ્રમયોગીઓ માટેની ‘પીએમ વિશ્વકર્મા’ યોજનાનો દિલ્હી ખાતેથી શુભારંભ કરાવ્યો હતો.

‘પીએમ વિશ્વકર્મા યોજના’ના શુભારંભ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતેથી સહભાગી થયા હતા. ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ ખાતેથી લાભાર્થીઓને લાભ એનાયત કરીને આ યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત તથા સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, નાના વ્યવસાયકારોના હુનર, ઉદ્યોગને સમયાનુરૂપ વિકાસ, તકો અને નવી ઓળખ આપવાનો પ્રયાસ આ ‘પીએમ વિશ્વકર્મા યોજના’થી વડાપ્રધાનશ્રીએ કર્યો છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, કોમ્પિટિશનના આજના યુગમાં ‘પીએમ વિશ્વકર્મા યોજના’ નાના કારીગરોને ટ્રેનિંગ, ટેકનોલોજી, ક્રેડિટ અને માર્કેટ સપોર્ટ માટેનું એક આખું મિકેનિઝમ ઊભું કરનારી આગવી યોજના બની રહેશે. આ ‘પીએમ વિશ્વકર્મા યોજના’ નો લાભ ગુજરાતના બે લાખ




જેટલા નાના-મોટા કારીગરોને મળશે. એટલું જ નહીં, દેશમાં અંદાજિત વીસ લાખ લોકો યોજનાથી લાભન્વિત થશે.આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશાં ગરીબ, વંચિત, પીડિત અને શોષિત પ્રજાના કલ્યાણ અર્થે સમર્પિત રહ્યા છે. તેના જ ભાગરૂપે આજે શિલ્પ, સ્થાપત્ય, હસ્તકળા સહિત વિવિધ વ્યવસાયોના સ્થાપત્ય દેવ એવા ભગવાન શ્રી વિશ્વકર્માની જયંતીના પાવન અવસરે વડાપ્રધાનશ્રીએ આવા વ્યવસાયકારો અને કુશળ કારીગરો માટેની ‘પીએમ વિશ્વકર્મા યોજના’ની ભેટ આપી છે. વડાપ્રધાનશ્રીના સુશાસન અને સેવાને સમર્પિત શાસન વિશે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશનું શાસન સંભાળ્યા બાદના પ્રથમ પ્રવચનમાં જ વડાપ્રધાનશ્રીએ ગરીબો અને પીડિતોના ઉત્થાન માટે સેવારત થવાનો સંકલ્પ સેવ્યો હતો. છેલ્લાં ૯ વર્ષમાં અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓના યોગ્ય અમલીકરણ થકી ૧૩ કરોડ ૫૦ લાખ લોકોને ગરીબીમાંથી બહાર લાવીને સુશાસન અને વિકાસનો નવો ઈતિહાસ રચ્યો છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.પીએમ વિશ્વકર્મા યોજના વિશે વધુ વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ‘સૌના સાથ, સૌના વિકાસ‘ના મૂળ મંત્રને સાકાર કરવાની દિશામાં સમર્પિત એવી આ યોજનાના અમલીકરણ માટે આવનારા ૫ વર્ષોમાં ૧૩ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.સુથાર, લુહાર, સોનાર, રમકડાં બનાવનાર, વણનાર, ચણતરકામ કરનાર, હોડી બનાવનાર, કુંભાર, હથોડી બનાવનાર, શિલ્પકાર, ચર્મકાર, રામી, બખ્તર બનાવનાર, તાળાં બનાવનાર, વાળંદ, માછલી પકડનાર, ધોબી, દરજી જેવા કુલ ૧૮ પ્રકારના વ્યવસાયકારો આ યોજનાનો લાભ મેળવીને ખરાં અર્થમાં આત્મનિર્ભર બનશે અને ‘અન ટુ ધ લાસ્ટ’ એટલે કે અંત્યોદયનો વિકાસ થશે, એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો.મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં આજે કેન્દ્ર અને રાજ્યની દરેક યોજનાના કેન્દ્રમાં નાનામાં નાના અને છેવાડાના માનવીનું હિત સમાયેલું હોય છે.

તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રીના સતત માર્ગદર્શનમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા દરેક યોજનામાં એક પણ જરૂરતમંદ લાભાર્થી યોજનાના લાભથી વંચિત ન રહી જાય અને સો ટકા લાભાર્થી સુધી યોજના ના લાભ પહોંચાડી સેચ્યુરેશન સુધી લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે દેશના તમામ નાગરિકોને કેન્દ્રની આ સરકાર પોતીકી સરકાર લાગી રહી છે. કોરોનાકાળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ પીએમ સ્વનિધિ યોજના હેઠળ ૩ લાખ શહેરી ફેરિયાઓને રૂ. ૩૦૦ કરોડની લોન સહાય ચૂકવવામાં આવી છે.વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં જયારે દેશ આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ્યો છે ત્યારે આ પી.એમ. વિશ્વકર્મા યોજના વિવિધ વ્યવસાયોના કારીગરોના સર્વગ્રાહી વિકાસનો અમૃતકાળ બનશે એમ મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે રાજ્યના ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે સૌને વિશ્વકર્મા જયંતીની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, આજે પીએમ વિશ્વકર્મા યોજનાનો શુભારંભ છે અને ભારતને વિશ્વગુરુ બનાવવાની નેમ ધરાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ પણ છે, માટે આજનો દિવસ ગૌરવદાયી દિવસ છે.

મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે વધુમાં જણાવ્યું કે, પીએમ વિશ્વકર્મા યોજનાથી જુદા જુદા ૧૮ જેટલા કુશળ કારીગરોની હસ્તકલાને પ્રાધાન્ય આપી પ્રોત્સાહન આપી શકાશે. આ ઉપરાંત રાહત દરે લોન અને આધુનિક તાલીમ પણ અપાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ હંમેશા છેવાડાના લોકો સુધી યોજનાકીય લાભો પહોંચી શકે તે દિશામાં પ્રયાસ કર્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું.શ્રી બળવંતસિંહ રાજપૂતે વધુમાં જણાવતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અમેરિકા પ્રવાસની ફલશ્રુતિ રૂપે ગુજરાત સરકાર અને માઈક્રોન ટેકનોલોજી વચ્ચે MoU થયા. આજે ગુજરાત સમગ્ર દેશમાં સૌથી વધુ રોજગાર આપતું રાજ્ય છે.આ પ્રસંગે સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ભગવાન વિશ્વકર્મા પૂજન દિવસ અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો જન્મદિવસ હોવાથી આજનો દિવસ ઐતિહાસિક બની ગયો છે.

## તંત્રી લેખ...

# કાશ્મીર ખીણની હકીકત

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ સ્થિતી ધીમે ધીમે સુધરી રહી છે પરંતુ હજુ પણ એટલી સફળતા મળી નથી જેટલી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ત્રાસવાદીઓની સામે ઓપરેશન ઓલઆઉટ હજુ જારી છે. જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકો સંતુષ્ટ છે. સાથે સાથે જનજીવન પહેલા કરતા સામાન્ય બન્યુ છે. પહેલા થતી દરરોજની પથ્થરબાજીની ઘટના હવે બની રહી નથી પરંતુ બનાવો તો હજુ પણ બની રહ્યા છે. જેથી લોકોમાં વધારે વિશ્વાસ જગાવવા માટેની જરૂર દેખાઇ રહી છે. કેન્દ્ર સરકાર ચોક્કસપણે આ દિશામાં આગળ વધતી નજરે પડી રહી છે પરંતુ કટ્ટરપંથીઓ અને હિંસક તત્વો પર બાજ નજર રાખવાની તાકીદની જરૂર દેખાઇ રહી છે. કારણ કે આવા તત્વોના કારણે સામાન્ય લોકોની પરેશાની વધી રહી છે. લાંબા સમયથી ત્રાસવાદી હિંસા અને અશાંતિના પરિણામસ્વરૂપે સામાન્ય લોકોની સાથે સાથે પ્રવાસીઓ પણ સતત મુશ્કેલી અનુભવ કરે છે. જરૂર લાંબા સમયથી દહેશતનો સામનો કરી રહેલા જમ્મુ કાશ્મીરમાં સળગી રહેલી આગને શાંત કરવા માટેની રહેલી છે. લોકશાહી રીતે સરકાર ચૂંટી કાઢવા માટેની પણ બાબત જરૂરી બની છે. ક્યારેક ક્યારેક સંકેતોમાં આપવામાં આપવામાં આવેલા નિવેદનના કારણે પણ સીધી માર કરે છે. જમ્મુ કાશ્મીરના રાજ્યપાલના નિવેદનને લઇને પણ આવુ જ બન્યુ છે. ભ્રષ્ટાચારના કારણે આ પ્રકારના સ્થિતી સર્જાઇ ગઇ છ. રાજ્યપાલ તરીકેની કેટલીક બંધારણીય મર્યાદા પણ રહેલી છે. પરંતુ જ્યારે તેઓ કહે છે કે કાશ્મીરમાં ખુબ વધારે રાજનેતા અને ટોપ અધિકારીઓ છે અને આ લોકો ભ્રષ્ટાચારમાં ડુબેલા છે તો ચિંતા વધી જાય તે સ્વાભાવિક છે. રાજકીય લોકો માટે ટિકા ટિપ્પણી માટે અલગ અલગ અભિપ્રાય હોઇ શકે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કાશ્મીરમાં જે સ્થિતી સર્જાઇ છે તેના માટે જવાબદાર કોણ છે તેના પર વિચારણા કરવાની બાબત વધારે જરૂરી છે. રાજ્યપાલે જે કઇ પણ કહ્યુ તેમાં એક હદ સુધી વાસ્તવિકતા પણ છે. પડોશી દેશ પાકિસ્તાનની ભાષા બોલનાર કાશ્મીરના કેટલાક રાજનેતા જ્યારે ત્રાસવાદીઓની તરફેણ કરવા માટે મેદાનમાં ઉતરે છે ત્યારે તેમના અસલી ચહેરા પણ સપાટી પર આવી જાય છે. એકબાજુ આવા નેતાઓ અને અધિકારીઓ શાંતિ સ્થાપિત કરવાની વાત કરે છે જ્યારે બીજી બાજુ આ લોકો નિષ્પક્ષ ચૂંટણી ન થાય તેવા પ્રયાસ પણ કરે છે. છેલ્લા વર્ષોમાં અમે જોઇ ચુક્યા છીએ કે માત્ર દસ ટકા વોટ હાંસલ કરનાર પણ કાશ્મીરમાંથી સંસદમાં પહોંચી રહ્યા છે. જ્યારે પણ કાશ્મીરમાં ત્રાસવાદને કચડી નાંખવા માટેના પ્રયાસ કરવામાં આવે છે ત્યારે માનવ અધિકારના મુદ્દાને ઉઠાવીને અડચણો ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવે છે. ભ્રષ્ટાચારના મામલામાં જ્યારે રાજનેતાઓ અને ટોપ અધિકારીઓના નામ આવે છે ત્યારે લાગે છે કે રાજયપાલે કોઇ વાત ખોટી કરી નથી. પરંતુ કોઇને ગોળી મારી દેવાની બાબત પણ હિંસાને પ્રોત્સાહન આપે છે. કેન્દ્ર સરકાર તમામને સાથે રાખીને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીની તૈયારી પણ કરવી જોઇએ.

# રાવણના દરબારમાં શૂર્પણખા નીતિનાં પાઠ બોલે છે! એટલે શીખ તો શૂર્પણખાનાં પાત્ર માંથી પણ મળે! રામાયણનું એકપણ પાત્ર વ્યર્થ નથી, અને એનો પૂર્ણ સાર પામીએ તો જ રામરાજ્ય સ્થપાય!



## સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. રાજ્ય ભરમાં ફરી પાછો અતિ થી મધ્યમ વરસાદનુ આગમન થયું! એથી જ કઈ કેટલાય જીવ જંતુઓના અવાજો પણ આપણને સાંભળવા મળે. એમાં પણ દેડકો તો જાણે પાણી સાથે જ આવ્યો હોય, તેમ તેનો કર્કશ અવાજ પણ સંભળાય, અને મોર કોયલ જેવા પક્ષીઓ પણ વરસાદ ને બોલાવવા માટે ટહૂકા કરતા સંભળાય! માનવી ગમે તેટલો સારો હોય પણ પ શુ-પંખી જેટલો નિખાલસ ક્યારે થઈ શકતો નથી, કારણ કે તેના માનસમાં કેટલીય કામના ભરી હોય છે. સદીઓથી માનવ સમાજની એક ખૂબી છે કે તે પોતાનું ધાર્યું કરવાની સતત કોશિશ કરે, અને અન્ય પણ તેની હા માં હા મેળવીને જીવે તો તેને કોઈ તકલીફ નથી. સારી-ખરાબ કેટલીયે વૃત્તિ માનવીના માનસમાં ભરેલી હોય, અને દરેક વખતે તે સારું જ ઈચ્છે છે એવું પણ જરૂરી નથી હોતું. આ ઉપરાંત ઘણીવાર તો એને પોતાને પણ ખબર હોય કે આ ખોટું છે,અને છતાં તે મેળવવાની જીદ પર ઉતરી આવે. આ સાચું ખોટું વિચાર્યા વગર મેળવવાની તીવ્રતાને જ કામના કહેવામાં આવે છે, અને એટલે જ આપ ણે ત્યાં કામના આગળ શુભ લગાડવાની પરંપરા છે. તમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ,કે શુભકામનાઓ એવું આપણે બધાને કહેતા હોઈએ છીએ. એટલે મૂળમાં કામ ભાવની અધિકતા આપણને સારા માંથી ખરાબ બનાવી શકે છે. કળિયુગ પહેલાના યુગમાં આવા અતિ વિકૃત માનસ ધરાવતા સમૂહને રાક્ષસ નામ આપવામાં આવ્યું હતું, અને તેમના દેખાવ થોડાં જુદા બતાવાયા હતા, એટલે આસાનીથી જુદા પાડી શકાય! જ્યારે આજે પરિસ્થિતિ અત્યંત કઠિન છે, માનવ ના વેશમાં જ રાક્ષસ જોવા મળે છે, અને તેને ઉપરછલ્લી નજરે જુદો પાડી શકાતો નથી. સમાજમાં તેનું મુખોટું જુદું હોય છે, અને એકાંતમાં તેનું મુખોટું જુદું હોય છે. જોકે મંદોદરી



રાવણ કુળની પટરાણી હોવા છતાં, પણ વિકૃ ત નહોતી, અને પતિવ્રતા સ્ત્રી હતી. પોતાના પતિનું હિત શેમાં સમાયેલું છે, એ જાણતી હતી, અને એટલે વારંવાર તેને તેણે સમજાવવાની ચેષ્ટા પણ કરી હતી. રાવણને પત્ની તો સારી મળી હતી, પરંતુ બહેન સારી નહોતી મળી. એણે એના ભાઈને સમજાવાની કોશિશ કરવાને બદલે કાનભંભેરણી કરી હતી, અને રાવણને યુદ્ધ માટે ઉશ્કેર્યો હતો, તો આજે આપણે એના વિશે ચિંતનમાં વાત કરીશું. શૂર્પણખા એ આમ જુઓ તો રામાયણનું સાવ નાનું એવું પાત્ર છે, અને તેનો માત્ર અરણ્ય કાંડમાં ઉલ્લેખ છે. ૧૪ વર્ષના વનવાસ દરમિયાન રામ સીતા અને લક્ષ્મણ વનમાં પોતાના દિવસો વિતાવતા હતા ત્યારે એક વાર શૂર્પણખા એ રામને જોયા અને તે તેના પર મોહિત થઈ ગઈ. તેણે વિચાર્યું કે આ પુરુષ સાથે મારું લગ્ન થઈ જાય તો કેવું સારું! અને તે સુંદર સત્રી નુ રુપ ધારણ કરીને આવી, અને તેણે ખુદ રામ સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. રામે કહ્યું કે હું તો પરણીત પુરુષ છું, અને આ જુવો મારી પત્ની, એમ કહી લક્ષ્મણ તરફ ઈશારો કરી કહ્યું કે આ મારો ભાઈ છે. શૂર્પણખા લક્ષ્મણ તરફ ફરી બોલી કે વાહ તારા નસીબ ખુલી ગયા છે, અને તું રાજા હું તારી રાણી લક્ષ્મણજી અત્યંત ક્રોધિત થઈ ગયા, અને અંતે રામ ના કહેવા અનુસાર તેણે પણ શૂર્પણખા નાં નાક-કાન કાપી નાખ્યાં, અને ધુંધવાતી એ ત્યાંથી ચાલી ગઈ, આ કથાથી આપણે સૌ પરિચિત છીએ. શરીરે થી જેટલી ઘવાઈ હતી એનાથી વધુ તે અંદરથી પોતાનો અહંકાર કે પોતાની કામના પૂરી ન થતાં ઘવાઈ હતી, અને તેથી તે સીધી રાવણના દરબારમાં પહોંચી,અને તેણે જ રાવણને સીતા વિશે કહ્યું હતું, કે રૂપરૂપના અંબાર જેવી ઈસ્ત્રી તારા રાજ્યની શોભા બની શકે તેમ છે. રામાયણમાં શૂર્પણખા ને મોઢે નીતિની વાત પણ કરાઈ છે, તેણે રાવણને કહ્યું હે રાજન, આપણા જ અમુક અવગુણો આપ ણા ગુણોનો પણ નાશ કરી શકે છે. જેમ કે લાલસા કે વાસનાથી સંન્યાસી ભ્રષ્ટ થઈ શકે છે, અહંકારથી જ્ઞાન નષ્ટ થઈ શકે છે, અને નશો કરવાથી શરમ દૂર થઈ જાય છે. એટલે ઘણીવાર એમ થાય કે શીખ ગ્રહણ કરવી હોય તો શૂર્પણખાના પાત્ર માંથી કરી રામાયણ નું એકપણ પાત્ર વ્યર્થ નથી, અને એનો પૂર્ણ સાર પામીએ તો જ રામરાજ્ય સ્થપાય! શૂર્પણખા જ્યારે રામ લક્ષ્મણ પાસે આવી ત્યારે તે ખોટું બોલી હતી, કે તે કુંવારી છે. પરંતુ શૂર્પણખા વિધવા સ્ત્રી હતી, શૂર્પણખાના પતિનું મૃત્યુ રાવણના હાથે જ થયું હતું. શૂર્પણખાનો પતિ કાલકેય નામના રાજાનાં સેનાપતિ તરીકે ફરજ બજાવતો હતો. વિદ્યુત ધ્વજ નામના તેનાં પતિને રાવણે જ યુદ્ધમાં માર્યો હતો. ત્યારે શૂર્પણખા એ કારણે જ રાવણને શ્રાપ આપ્યો હતો, એ તારા મૃત્યુનું કારણ પણ હું જ બનીશ! અને સીતા વિશેની જાણકારી શૂર્પણખા એ રાવણને આપી. રાવણે સીતાનું અપહરણ કર્યું, અને અંતે યુદ્ધ થયું તેમાં રાવણ માર્યો ગયો. આમ જુવો તો શૂર્પણખા એક કામી વૃત્તિ હતી, અને તેની વિકૃ ત કામનાને કારણે તે રાક્ષસી બની. ભગવાન રામના જીવનમાં આવી ત્રણ વિકૃત મહિલાઓ આવી અને એને કારણે રામાયણની રાવણ વધની મુખ્ય ઘટના ઘટી. સૌપ્રથમ વિશ્વામિત્ર ઋષિના યજ્ઞનો ભંગ કરનાર તાડકા નામની વિકૃત મહિલા કે રાક્ષસી, એ ક્રોધ નો અવતાર હતી, અને તેનો વધ કર્યા પછી જ ભગવાન શ્રી રામ સીતા સુધી એટલે કે પોતાની શક્તિ સુધી પહોંચી શક્યા. ખુદની શક્તિનો પરિચય કરવો હોય તો ક્રોધનો વધ કરવો પડે, અથવા ક્રોધનો નાશ કરવો પડે, ક્રોધ પર કાબૂ મેળવવો પ ડે. બીજી મંથરા જે લોભનો અવતાર હતી, અને મંથરાને કારણે જ રાજગાદી છોડી ને તે વન વન ભટકયા. કેટલાય સમાજથી તરછોડાયેલા વર્ગોને મળી તેમની સમસ્યા દૂર કરી. એશો આરામનો મોહ ત્યાગવો બહુ જરૂરી છે, તો જ જીવનમાં કંઈક વિશેષ કાર્ય એટલે કે રામ કાર્ય થઈ શકે. અને શૂર્પણખા જે અત્યંત કામી સ્ત્રી હતી, દરેક કામના પૂરી કરવા યોગ્ય હોતી નથી, નહીં તો આપણા નાક-કાન કપાય શકે છે, એટલે કે ઈજ્જત આબરૂના ચિંથરા ઉડી જાય છે. કામ ને આપણા શાસ્ત્રોમાં દેવ કહ્યો છે, એટલે એ જરુરી તો છે જ પણ એની મર્યાદા સમજી વિચારીને કામના પૂર્તિ થવી પણ એટલી જ જરૂરી છે. શૂપ ણખા આ મર્યાદા ચૂકી ગઈ અને તેના એવા હાલ થયા, પણ એક વાત બીજી હતી કે, તેણે રામ આગળ પોતાની કામના વ્યક્ત કરી, એટલે અંતે મુક્તિ ને પામી. જ્યારે આજે રામ મળવા મુશ્કેલ છે અને, એટલે કામ, કામ આગળ પોતાની કામના વ્યક્ત કરે છે, અને એમાંથી અનર્થ સર્જાય છે. આ વૃત્તિ માંથી તો ભલભલા ઋષિઓ પણ બચી શક્યા નથી, તો આપણે તો પૂર્ણ સંસારી અને ભોગી જીવ છીએ, એટલે એ વૃત્તિનો નાશ કે નિરોધ કરવો શક્ય નથી. પરંતુ રામ અને કામ વચ્ચેના અંતરને સમજવું, એ જ અની મર્યાદા દાખવે છે. માનસને દુષિત કરતા આવા ભાવો કે આવી કામના કે પછી આ પ્રકારની માનસ અને જીવન બંનેને પ્રતાડિત કરતી વૃત્તિઓથી આપણે સૌ બચી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

## સમાજમાં હિંસા કેમ વધી રહી છે

ભારતીય સમાજમાં હિંસા સતત વધી રહી છે જેના કારણે સરકારની સાથે સાથે દેશના જુદા જુદા વર્ગના બુદ્ધિજીવી લોકો પણ ચિંતાતુર બનેલા છે. ભારતીય સમાજમાં વધી રહેલી સામૂહિક હિંસાને ધ્યાનમાં લઇને સ્થિતીનુ મુલ્યાંકન કરવામાં આવે તે જરૂરી છે. જેના કારણે સમાજમાં હિંસાની ઘટના બની રહી છે તેમાં તપાસ કરવા અને ધ્યાન આપવાની તાકીદની જરૂર દેખાઇ રહી છે. ક્યારેય ગૌરક્ષાના નામે, ક્યારેય રાષ્ટ્રવાદના નામે, ક્યારેક વિચારધારાના નામ પર સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. બાળક ચોરીના નામ પર પણ સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. આ હિંસા અફવાઓના આધાર પર નિર્દોષ લોકો પર કરવામાં આવેલી હિંસાના રૂપમાં પ્રગટ થાય છે. ક્યારેય જાતિગત અને ક્યારેય સાંપ્રદાયિકતાને લઇને આ પ્રકારના બનાવો બનતા રહે છે. સોશિયલ મીડિયા, અફવા અન સામાન્ય રીતે રાજનીતિમાં પણ વધતા આ રોગના કારણે સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. રોગ સમાજના મનમાં ઘર કરે છે જેથી સામૂહિક હિંસાની ઘટના સપાટી પર આવી રહી છે. ભય અને હિંસા વચ્ચે પારસ્પરિક સંબંધ રહેલા છે. સરેરાશ ભારતવાસી વ્યવસ્થાના કારણે પોતાની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાની બાબતથી ગ્રસ્ત રહે છે. જેથી એક બિનસુરક્ષા ગ્રથિનો શિકાર રહે છે. વ્યક્તિ કોઇને કોઇ જગ્યાએ આ બાબતને લઇને વિશ્વાસ ગુમાવી રહ્યો છે કે વ્યવસ્થા તેના હિતોને અને તેના જીવન રક્ષણને લઇને ચિંતિત છે. વ્યવસ્થાને કોઇ પડી નથી તેવી ભાવના સામાન્ય વ્યક્તિમાં ફેલાય છે ત્યારે હિંસાની ભાવના પણ જાગી ઉઠે છે. તમામ લોકો આ બાબત સાથે સહમત છે કે હિંસા અને ભય વચ્ચે સંબંધ રહેલા છે. બંને એકબીજાને વધારે છે. હિંસા ઘટનાથી પહેલા અમારા મનમાં ઘટિત થઇ જાય છે. હિંસાને લઇને મનૌવૈજ્ઞાનિક અને તંત્રિકા વૈજ્ઞાનિક અથવા તો ન્યુરોલોજિકલ અભ્યાસમાં આ બાબત નિકળીને સપાટી પર આવી છે કે માનવીમાં હિંસા કરવાનુ સામર્થ્ય તો છે પરંતુ તેના સ્વભાવમાં આ હિંસા નથી. તે કોઇને કોઇ બહારના પરિબળોના કારણે હિંસા ફેલાવવા માટે આગળ વધે છે. તે હિંસા ઉપર બહારના કારણસર ઉતારુ થાય છે. અને આક્રોશિત થાય છે. આનો અર્થ એ થયો કે જો સમાજમાં હિંસાને ઉત્તેજિત કરનાર પરિસ્થિતી અથવા તો પરિવેશ ન થાય તો આવા સમાજમાં હિંસા નહીંવત સમાન રહેશે. તેના સામૂહિક રૂપ લેવાની ઘટના શક્ય બનશે નહી. હિંસાને લઇને જુદા જુદા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા છે. આજે ઉભી થયેલી પરિસ્થિતીની સમીક્ષા જરૂરી બની ગઇ છે. ગૌરક્ષા, બાળક ચોરી, રાષ્ટ્રવાદના નામ પર હિંસા થઇ રહી છે. આજે સામાન્ય રીતે સોશિયલ મિડિયાને આવી સામૂહિક હિંસા માટે જવાબદાર ગણવામાં આવે છે. તેના પર અંકુશ મુકવા માટેની માંગ પણ કરવામાં આવે છે. જે એક હદ સુધી યોગ્ય માની શકાય છે. પરંતુ જો સમાજના મનમાં ધીમે ધીમે હિંસક ભાવના જમા ન થઇ ગઇ હોત તો તે આ રીતે એકાએક ફેલાઇ શકે તેમ નથી. ભારતીય સમાજમાં ભયની સ્થિતી શુ છે. જે એકાએક હિંસામાં ફેલાઇ જાય છે. વાસ્તવિકતા તો એ છે કે સરેરાશ ભારતીય પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાની ભાવનાથી ગ્રસ્ત રહે છે. વ્યવસ્થાને લઇને તેના અવિશ્વાસના કારણે પણ માનવીની અંદર ભયની ભાવના જગાવે છે. જેના કારણે તે પોતાના દ્વારા કરવામાં આવતી હિંસાને આક્રમક નહીં બલ્કે આત્મરક્ષણ તરીકે ગણીને તેના પોતાના મનમાં યોગ્ય ઠેરવે છે. ત્યારબાદ તક મળતાની સાથે જ તે ભીડમાં સામેલ થઇને તે પોતાના ભયને દુર કરવા માટે હિંસામાં ઉતરે છે. તે હિંસક બની જાય છે.

# આંતર રાષ્ટ્રિયખ્યાતિ પ્રાપ્ત ત્રિદિવસીય તરણેતરનો લોકમેળો



## વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા

જેની ચાતક નજરે રાહ જોતા હતા તે મેઘરાજાનું ગુજરાત રાજસ્થાનના ઘણાખરા વિસ્તારમાં આગમન થયું છે ત્યારે ત્રિનેત્રેશ્વર મહાદેવ, બાબારી હિંદવાપીરે ખેડુતો પશુપાલકો અબોલ જીવોની પ્રાર્થના સાંભળી છે.દાંતીવાડા ડેમની સપ ટી ૬૦૨.૬૦ ફૂટે પહોંચી છે જ્યારે નર્મદા ડેમના ૨૩ દરવાજા સીઝનમાં પહેલી વાર ખુલ્યા છે જે સારા વાવડ કહી શકાય.આજે આપણે તરણેતર મેળા વિશે જાણીએ.

ભારતીય સંસ્કૃતિની તરણેતર મુખ્યત્વે તેનાં તરણેતર મેળાથી વધારે પ્રખ્યાત છે, જે અહીં આવેલા પ્રસિદ્ધ ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર ખાતે ભરાય છે. તરણેતર ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજૂરી તેમ જ પશુપાલન છે. આ ગામમાં મુખ્યત્વે ઘઉં, જીરુ, વરિયાળી, બાજરી,કપાસ, દિવેલા રજકો તેમ જ અન્ય શાકભાજીના પ ાકની ખેતી કરવા માં આવે છે. આ ગામમાં પ્રાથમિક શાળા, પંચાયત ઘર, આંગણવાડી તેમ જ દૂધની ડેરી જેવી સવલતો પ્રાપ્ય થયેલી છે.

ત્રિનેત્રેશ્વર મંદિર થાનગઢ તાલુકા માં ધ્રાંગધ્રા જતાં માર્ગ પર તરણે તર ખાતે આવેલું છે, જે તેના તરણેતર મેળાથી પ્રખ્યાત છે, આ મેળામાં અનેક પ્રકાર ના કાર્યક્રમોનું આયોજન થયું હતું અને આ મેળાનું મહત્વ વધારે જોવા મળે છે. મેળાના પ્રથમ દિવસે બાવન ગજની ધજા ચડાવી અને વર્ષોની પરંપરાગત મુજબ પૂજા અર્ચનાની વિધિ કરી અને મેળાનું વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. સુરેન્દ્રનગર શહેરથી ૧૯૯૦ની સાલથી તરણેતરના મેળામાં ત્રિનેત્રેશ્વર મહાદેવને બાવન ગજની ધજા તૈયાર કરી અને પાળીયાદના મહંત ને અર્પણ કરવામાં આવે છે ત્યારે ધજાની તમામ પ્રકારની વિધિ પાળીયાદના મહંતે કરી અને બાવન ગજની ધજા ત્રિનેત્રેશ્વર મહાદેવને ચડાવી અને મેળાનો શુભારંભ છે. કરવામાં આવ્યો હતો.

હવે તરણેતરના મેળાને પૂર્ણાહુતિ થવાને ગણતરીના કલાક બાકી રહ્યા છે ત્યારે છેલ્લા કેટલાક દિવસથી દિન રાત મહેનત કરી બાવન ગજની છત્તીસ મીટર અવનવા કાપડ સાથે ધજા તૈયાર કરવામાં આવેલ જે તરણેતરના મેળામાં ત્રિનેત્રેશ્વર મહાદેવજીના મંદિર ખાતે આ ધજાને ચડાવવામાં આવેલ ત્યારે ગત ત્રીસમી ઓગસ્ટ પાળીયાદ ખાતે નિર્મળાબા મહંતને આ ધજા અર્પણ કરેલ. તરણેતર મંદિરની સ્થાપના વિશે લોકવાયકા છે કે અયોધ્યાનાં સૂર્યવંશી રાજા યુવનાશ્વ નિઃસંતાન હોવાથી તેણે તેમના ગુરુ વિશિષ્ઠના સુચનથી યજ્ઞ કર્યો હતો. તેના તપોબળે તેમને ત્યાં પુત્રનો જન્મ થયો હતો જેનું નામ મંધાતા હતુ. અને આ તરણેતરનું મંદિર મંધાતા એ બંધાવેલ હતું.ભારતીય સંસ્કૃતિમાં તહેવારો, ઉત્સવો,લોકમેળાઓનું આગવું મહત્વ છે.સૌરાષ્ટ્રમાં ત્રણ મેળા સુપ્રસિધ્ધ છે.જેમાં માધવપુરનો મેળો, જુનાગઢ નો ભવનાથનો મેળો અને ત્રીજો સુરેન્દ્રનગર જિલ્લામાં આંતર રાષ્ટ્રિયખ્યાતિ પ્રાપ્ત તરણેતરનો લોકમેળો.વિદેશી પર્યટકો, સંશોધકો અને ઈતિહાસપ્રેમીઓ તરણેતરનો આ ભાતીગળ લોક મેળો માણવાઅવશ્ય આવે છે.

તરણેતરનો પ્રાચીન ઈતિહાસ જોઈએ તો પાંચાલ વિસ્તાર એટલે કે, સુરેન્દ્ર નગર જિલ્લાના ચોટીલા,સાયલા અને મૂળી તાલુકાનો વિસ્તાર જે પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણની પટરાણી સત્યભામાનું મોસાળ હતું.જયારે મહાભારતના યુધ્ધને જગાડનાર મહારાણી દ્રૌપદીનું પિયર.

તરણેતર ગામ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના થાનગઢથી આઠ કી.મી., રાજકોટ એરપોર્ટથી ૫૦ તથા અમદાવાદ આં.એરપોર્ટ થી ૨૧૫ કી.મી.ના અંતરે પાકા રોડથી જોડાયેલ ગામ છે.ભાતી ગળ આતરીકે ઓળખાય છે. આ મંદિરની બાંધણી ખુબ આ લોક મેળો ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠ્ઠ એમ ત્રણ દિવસ દરમિયાન ભરાય છે. અબાલ વૃધ્ધ સૌ કોઈ મેળો માણવા થનગની ઉઠે હસ્તક લેવાયલ છે. છે.જયારે જયોતિગ્રામ યોજના નહોતી ત્યારે જે તરણેતર ગ્રામપંચાયતના સરપંચ શ્રીએ નવીસવી પરણીને સાસરે આવેલી ભાભી છ -છ

મહીના પહેલા રોજ વહેલી પરોઢીયે ઉઠી ઢીંચણ માથે દેવો મુકીને લાડકા દિયર માટે છતરીયું પર ભરત ભરવા માંડતી જે ભાવના ધીમેધીમે લુપ્ત થતી જાય છે, છતાં હજુ ભાતીગળ છતરીયું કયાંક કયાંક રાજકીય રંગે રંગા યેલી જોવા મળે તરણેતરનો આ મેળો યૌવનનો મેળો કહેવાય છે,તે ઉપરાંત આ મંદિર સાથે એક એવી વાત પણ જોડાયેલ છે જે મહા ભારત અહીં લોકસંસ્કૃતિના પ્રતિક સમા કલા અને કાળની છે. તે સમયે દ્રુપદ નગરી પાંચાળમાં હતી. મહાભારતની કથા અનુસાર દ્રુપદની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર તરણેતરમાં યોજવામાં આવેલ હતો. તે સમયે બ્રાહ્મણના વેશમાં પાંડવો સ્વયંવરમાં આવેલા અને અત્યારે આ સ્થળ ઉપર જે કુંડ આવેલ છે,તેમાં અર્જુન દ્વારા મત્સ્ય વેધ થયો હતો અને આ રીતે દ્રૌપદીનાં વિવાહનો પ્રસંગ જોડાયેલો છે.

તરણેતરનું મંદિર દસમી સદીનું હોવાની શકયતા મંદિરની શૈલી ગુર્જર પ્રતિહાર પ્રકારની હોવાથી સંશોધનકારો કહે છે.કારણ કે પ્રતિહાર રાજાઓ શિવાલયો બાંધવાના શોખીન હતા. જેથી તેઓએ આ મંદિરનો જીર્ણોધાર કરાવ્યો હોય. આમ પણ પ્રતિહાર રાજાઓ આઠમી સદીમાં સૌરાષ્ટ્ર માં આવ્યા હોય તેવા પ્રમાણો ઈતિહાસમાં મળે છે. અત્યાર નું જે મંદિર છે તેનો જીર્ણોધાર લખતરનાં રાજવી કરણસિંહજી એ ઈ.સ. ૧૯૦૨ની સાલમાં ઓગસ્ટ મહિનામાં તેમના પુત્રી કરણબાનાં સ્મરણાર્થે કરાવ્યો હતો મંદિરનો ઘાટ તેના ઉપર નવા મંદિરની બાંધણી થઈ છે. આ સૂર્યમંદિરો આવેલા છે.

મંદિરથી થોડુ દુર તરણેતર ગામ આવેલું છે. આ મંદિર પાસે ૧૦૦ વીઘા જેવી ખેતીની જમીનમંદિર ની સામેની બાજુએ તળાવ છે. તરણેતરનાં આ મંદિરમાં બે શિવ લીંગ સ્થાપિત છે.જે જાણકારોના કહેવા મુજબ મોટું શિવલીંગ પ્રાચીન છે અને તેની બાજુમાં આવેલા પ્રમાણમાં નાના શિવલીંગની પ્રતિષ્ઠા કરણસિંહજી એ મંદિરનો જીર્ણોધાર કર્યો ત્યારે કરી હતી. આ મંદિરની કોતવણી અને શિલ્પ અદભુત, મોહક અને મનોહર છે. મંદિરની બાજુમાં ત્રણ કુંડ આવેલાં છે જે વિષ્ણુકુંડ, શિવ કુંડ અને બ્રહ્મ કુંડ જુની હોવાથી અને શિલ્પ કલાનો વારસો સચવા યેલ હોવાથી આ મંદિર પુરાતત્વ ખાતા જણાવ્યું છે કે,ચાલુ વર્ષે આ મેળો આજથી તા.૧૮/૯/૨૦૨૩ થી તા.૨૦/૯/ ૨૦૨૩ રવિ,સોમ,મંગળ એટલે કે ભાદરવા સુદ ચોથ,પાંચમ અને છઠ્ઠ એમ ત્રણ દિવસ ભરાશે જે તા.૨૦/૯/૨૦૨૩ને મંગળવારે સમાપન થશે.રાજય સરકારનાં વિવિધ ખાતા પણ માતીગળ આ મેળામાં ભાગ લેવા આવ્યા છે. આ મેળો તરણેતર ગામના પાદર માં સરોવર કિનારે આવેલ ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભરાય છે.આ મેળાની શરૂઆત ૨૦૦- ૨૫૦ વર્ષ પહેલાં થઈ હોવાનું જાણવા મળે છે.આ મેળા ની પૂર્વ ભૂમિકામાં ધાર્મિક- સામાજીક મહત્વ રહેલું છે. એક લોકવાયકા પ્રમાણે પાંચાલ ભૂમિના આ મંદિરના સ્થળે દ્રોપ દી સ્વયં વરમાં અર્જુને મત્સ્યવેધ કર્યો હતો કહેવાય છે કે મંદિર ફરતે આવેલ ગંગાકુંડમાં ઋષિ પાંચમના દિવસે ગંગાની ધારા પ્રગટ થાય છે,તેથી લોકો આ કુંડમાં સ્નાન કરી ગંગા સ્નાનનું પૂણ્ય મેળવે છે.

## નોકરીના સ્થળે મહિલા સાથે ઉત્પીડન

દુર્ભાગ્યથી નોકરીના સ્થળ પર યૌન ઉત્પીડન અથવા તો જાતીય સતામણી અને યુવતિઓ અને મહિલાઓ સાથે જુદી જુદી રીતે ચેડાના બનાવો હાલમાં વધી રહ્યા છે. નોકરીના સ્થળ પર યૌન ઉત્પીડનના સૌથી વધારે કેસ બિહારમાં બની રહ્યા છે. ચિંતાની બાબત તો એ છે કે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં જ દેશભરમાં આવા સત્તાવાર રીતે ૩૧૮ કેસ નોંધાઇ ચુક્યા છે.કેસોમાં અવિરત વધારાને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હજુ કેસ સપાટી પર આવી રહ્યાછે. બિન સત્તાવાર રીતે આ આંકડો આના કરતા પણ ખુબ વધારે છે. કમનસીબ બાબત એ છે કે નોકરી કરતી મહિલાઓ માટે યૌન ઉત્પીડન અથવા તો સતામણી જેવી બાબત સામાન્ય બની ગઇ છે. કેટલાક કિસ્સામાં સાહસી મહિલાઓ અને યુવતિઓ આની સામે ફરિયાદ પણ ઉઠાવે છે. આની સાથે ઓફિસ મેનેજમેન્ટ દ્વારા પણ પગલા લેવામાં આવે તે જરૂરી છે. કામકાજી મહિલાઓને સ્વતંત્ર રીતે કામ કરવા માટે યોગ્ય અને આદર્શ માહોલ બને તે જરૂરી છે. જે કર્મચારીઓ તેમના નીચલા સ્તરની યુવતિઓ અને મહિલાઓને કોઇ પણ બહાનાથી હેરાન પરેશાન કરે છે તેમની સામે મેનેજમેન્ટે પગલા પણ લેવા જોઇએ. બિહારમાં યુવતિઓ સામે નોકરીની જગ્યાએ છેડતી અને હેરાનગતિના બનાવો સૌથી વધારે બની ગયા છે. બીજા સ્થાને દિલ્હી અને ત્રીજા સ્થાન પર મહારાષ્ટ્ર છે. આ અંગેની માહિતી મહિલા અને બાળ વિકાસ કલ્યાણ પ્રધાન સ્મૃતિ ઈરાની દ્વારા આપવામાં આવી હતી. જાણકાર લોકોના કહેવા મુજબ મોટા ભાગના મામલા સત્તાવાર રીતે દાખલ કરવામાં આવતા નથી. જો સત્તાવાર રીતે આવા કેસ દાખલ કરવામા આવે તો આંકડો હજારોમાં પહોંચી શકે છે. રાજ્યોની વાત કરવામાં આવે બિહારમાં સૌથી વધારે કેસ દાખલ કરવામાં આવ્યા છે.ચ ગુજરાતના મામલા આમાં દર્શાવવામાં આવ્યા નથી. સમગ્ર ભારતની વાત કરવામા આવે તો જુદા જુદા વર્ષમાં જુદા જુદા કેસ નોંધાઇ ચુક્યા છે. વર્ષ ૨૦૧૪માં ૫૭, વર્ષ ૨૦૧૫માં ૧૧૯ અને વર્ષ ૨૦૧૬માં ૧૪૨ કેસ સપાટી પર આવ્યા હતા. ત્યારબાદના વર્ષોમાં કેસેમાં સતત વધારો જારી રહ્યા છે. નોકરીના સ્થળ પર યૌન ઉત્પીડન તમામ કાયદા અને સખ્ત નિયમના આંકડા છતાં દર વર્ષે કેસોની સંખ્યામાં વધારો થાય છે. અલબત્ત સ્મૃતિ ઈરાનીએ કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૩ના કાયદા હેઠળ તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. નોકરીના સ્થળ પર યુવતિઓ અને મહિલાઓને યોગ્ય અને આદર્શ માહોલ બને તેવા અધિકાર મહિલાઓને આપવામાં આવ્યા છે.

# બ્લડ પ્રેશરથી લઇને ડાયાબિટીસના લોકો માટે છે બેસ્ટ, જાણો જબરજસ્ત ફાયદાઓ

તમે ક્યારે કાળા ટામેટા વિશે સાંભળ્યુ છે? આમ, તમને જણાવી દઈએ કે કાળા ટામેટા ખાવાથી હેલ્થને અનેક ઘણો ફાયદો થાય છે. કાળા ટામેટા તમે રેગ્યુલર ખાવાથી આદત પાડો છો તો હાર્ટ એટેક આવવાનું જોખમ ઓછુ થઈ જાય છે. ભારે કરીઃ ટામેટાના ખેતરમાં ચોર ટોળકીએ રાતે ધાડ પાડી, અઢી લાખનો પાક ઉપાડી ગયાં. ટામેટા વગરનું શાક બનાવવા ગૃહિણીઓ મજબૂર, હદ કરીઃ હવે રાશનની દુકાન પર ટામેટા મળશે, ૬૦ રૂપિયે કિલો ખરીદી શકશો. અનોખો વિરોધઃ કોંગ્રેસના નેતાઓ સૂટકેસ અને બંદૂક લઈને શાકમાર્કેટમાં ટામેટા ખરીદવા પહોંચ્યા.

**Benefits of Black Tomatoes:** તમે આજ સુધી લાલ ટામેટા અને લીલા ટામેટા જોયા હશે અને ખાધા હશે, પરંતુ આજે અમે તમને કાળા ટામેટા વિશે જણાવીશું. લાલ ટામેટા જેમ રસોઈનો ટેસ્ટ વધારે છે એમ કાળા ટામેટા હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે. કાળા ટામેટાને અંગ્રેજીમાં રોઝ ટોમેટો કહેવામાં આવે છે. આ ટામેટાની સૌથી મોટી ખાસિયત એ છે કે આ ટામેટા જેનેટિક મ્યૂટેશન દ્વારા બનાવવામાં આવે છે. આ પણ વાંચો:બાળકને એક્સ્ટ્રા એક્ટિવિટી કરાવો છો? જાણો આ ટામેટા કેટલા રંગ બદલે છે. વાત કરવામાં આવે તો કાળા ટામેટા બાકીના ટામેટાની જેમ ઉગાડવામાં આવે છે, પરંતુ રંગ બદલવાની પક્રિયા બીજા ટામેટાની તુલના કરતા અલગ છે. સૌથી પહેલા આ ટામેટા લીલા રંગના થાય છે, જે ધીરે-ધીરે લાલ અને પછી કાળા થાય છે. તમે જ્યારે આ



ટામેટાને કટ કરીને જુઓ છો ત્યારે અંદરનો ભાગ લાલ ટામેટી જેમ લાલ દેખાય છે. જો કે આમાં મળતા પોષક તત્વો લાલ ટામેટાની તુલના કરતા ઘણાં અલગ છે.

બ્લડ પ્રેશર કંટ્રોલમાં કરે, કાળા ટામેટામાં પ્રોટીન, વિટામીન એ, મિનરલ્સ અને બીજા અનેક પ્રકારના એન્ટી ઓક્સિડન્ટ્સ હોય છે જે વ્યક્તિના બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખવાનું કામ કરે છે. તમને ડાયાબિટીસ છે તો તમે આ ટામેટા ખાવાનું શરૂ કરી દો. આ રામબાણ ઈલાજ છે. આ શરીરમાં સુગરની માત્રાને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. કાળા ટામેટામાં વિટામીન એ અને વિટામીન સીની માત્રા ભરપૂર હોય છે, જેનું સેવન કરવાથી આંખોની રોશની વધે છે. કાળા ટામેટા તમારી આંખોને સ્વસ્થ રાખવાનું કામ કરે છે. તમારા ચશ્માના નંબર વધારે છે તો તમે કાળા ટામેટા ખાવાનું શરૂ કરી દો, જે હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે.

કાળા ટામેટા ખાવાથી હાર્ટ એટેક આવવાનું જોખમ ઘટી જાય છે. કાળા ટામેટામાં એન્થોસાઈનિન હોય છે જે હાર્ટ એટેકથી બચાવવામાં મદદ કરે છે.નિયમિત તમે કાળા ટામેટાનું સેવન કરો છો.

## પૃથ્વી પર ગુરુત્વાકર્ષણને મ્હાત આપતી રોમાંચક અને રહસ્યમય જગ્યાઓ



સદીઓથી આપણે વિજ્ઞાનમાં ભણ્યા છીએ કે પૃથ્વી પર બધી વસ્તુઓ ગુરુત્વાકર્ષણના કારણે ટકી રહે છે. એટલુંજ નહીં બ્રહ્માંડમાં પણ ગ્રહો એકમેક સાથે પોતાના ગુરુત્વાકર્ષણને કારણે નિશ્ર્ચિત સ્થાને ગોઠવાયેલા રહે છે. વિજ્ઞાને એ પણ શોધી કાઢ્યું છે કે સૂર્યમાળાના વિવિધ ગ્રહો ઉપર ગુરુત્વાકર્ષણ વધતું ઓછું હોય છે, પણ પૃથ્વી પર દરેકે ઠેકાણે એક સરખું આકર્ષણ બળ હોય છે.બરાબર ને? તેમ છતાં, પૃથ્વી પર પણ કેટલીક જગ્યાઓ એવી જોવામાં આવી છે જ્યાં ગુરુત્વાકર્ષણ બળના માન્ય સિદ્ધાંતથી વિપરીતઘટનાઓજોવામળેછે.ચાલો,જાણીએપૃથ્વી પર એવી જગ્યાઓ વિશે જ્યાં આપણે ગુરુત્વાકર્ષણ વિરુદ્ધનો અનુભવ કરી શકીએ છીએ. શરૂઆત આપણા દેશથી જ કરીએ. નવાઈ લાગી ને? હા, આપણા દેશમાં પણ એવું સ્થળ છે જ્યાં આપણે વિજ્ઞાનને વિપરીત થતું જોઈ શકીએ. માઉન્ટ અરાગાટાસ, તુર્કીની સરહદથી માત્ર ૩૦ કિલોમીટર દૂર સ્થિત માઉન્ટ અરાગાટાસ એક લોકપ્રિય પ્રવાસન સ્થળ બની ગયું છે. એવું લાગે છે કે આ નાના વિસ્તારમાં ગુરુત્વાકર્ષણના નિયમો અદ્દશ્ય થઈ ગયા. અહીં નદીનું પાણી નીચેથી ઉપર તરફ વહે છે. જો તમે કારને ન્યુટ્રલ પર મુકો તો કોઈપણ ડ્રાઈવર વિના, આપમેળે તે ઉપર તરફ ચઢવા લાગે છે. જો તમે બોટલને જમીન પર મુકો, તો તે ફરીથી ઉપર તરફ ગબડવા માંડશે. નીચે ચાલવા કરતાં ટેકરી ઉપર ચઢવું સહેલું લાગે છે. અરાગાટ્સના રહસ્ય વિશે ઘણા અનુમાન અને સિદ્ધાંતો છે. આ જગ્યાએ શું થઈ રહ્યું છે અને તે કેવી રીતે શક્ય છે? કેટલાક લોકોમાને છે કે આ ક્ષેત્રમાં ગુરુત્વાકર્ષણ ભંગ થાય છે, જ્યારે અન્ય લોકો માને છે કે અહીં કેટલાક વિશિષ્ટ ચુંબકીય ક્ષેત્રો છે. કેટલાક તો એલિયન્સના અસ્તિત્વ અને આ વિસ્તારમાં યુએફઓના ઉતરાણમાં પણ વિશ્ર્વાસ રાખે છે.

## સાંભળો, સાંભળો ત્રીજું વિશ્વ યુદ્ધ બે વર્ષમાં થશે



બે વર્ષમાં ત્રીજું વિશ્ર્વ યુદ્ધ શરૂ થશે. આવનારા સમયમાં રશિયા અને નાટો રાષ્ટ્રો વચ્ચે તંગદિલી વધશે. આને પગલે રશિયા નાટો સમૂહના દેશો પર આક્રમણ કરશે અને આપણે સૌ થર્ડ વર્લ્ડ વોરમાં સપડાઇ જઇશું. આ કોઇ નજુમીનો વર્તારો નથી. પોતાને ટાઇમ ટ્રાવેલર ગણાવતા અને ઇ. સ. ૨૬૭૧ સુધીના ભવિષ્યમાં મુસાફરી કરીને પાછા ફર્યા હોવાનો દાવો કરનારા વ્યક્તિએ આ નિહાળ્યું છે. ટિકટોક એપ પર ફિમશફક્ષિશિંળયિફિંદયહહયિ તરીકે જાણીતા એનો અલારિક (ઊક્ષજ્ઞ અહફશિભ) છાતી ઠોકીને કહે છે કે આગામી ૬૫૦ વર્ષમાં જે કંઇ બનવાનું છે એ હું જોઇને પાછો આવ્યો છું.

લગભગ ૨૫ હજારથી વધુ ફોલોઅર ધરાવતા એનો અલારિક સોશિયલ મીડિયા પર તો છવાયેલો છે જ મોટામોટા અખબારોએ પણ એના વીડિયો અને આગાહીની નોંધ લીધી છે એક તરફ વિજ્ઞાનીઓ લાંબા સમયથી ટાઇમ કેપ્સુલની ડિઝાઈન બનાવવા રાત-દિવસ એક કરી રહ્યાં છે. પણ ટાઇમ ટ્રાવેલ કયારે શકય બનશે એ કોઇ ખાતરીપૂર્વક કહી શકતું નથી, પરંતુ ઘણીવાર ટાઇમ ટ્રાવેલ કરીને પાછા ફર્યાના દાવા કરનારા આગળ આવે છે. આમાં નવીનતમ્ નામ છે એનો અલારિક. એનો અલારિકે વર્ષ ૨૦૨૩ માટે કેટલીક રસપ્રદ આગાહી કરી હતી. જોકે આને આગાહી ન કહેવાય. એનો એ ‘નિહાળેલી’ ઘટનાની દુનિયાને આગોતરા જાણ કરી હતી. જોઇએ આ આગાહીઓ તારીખ પ્રમાણે. ૨૩ માર્ચ, ૨૦૨૩ઃ પૃથ્વીને બચાવવા માટે આઠ હજાર માણસોની પસંદગી થશે. આ ટીમના સિલેકટર હશે એલિયન યાની પરગ્રહ વાસીઓ તમારી આમાં પસંદગી થઇ છે? કે કોઇ સિલેક્ટ થયાનું સાંભળ્યું છે? કે પછી આખું મિશન એકદમ ગુપ્ત રખાયું હશે?

૧૫ મે, ૨૦૨૩ઃ અમેરિકાના સાનફ્રાંસિસ્કો પર ૭૫૦ ફૂટ ઊંચી સુનામી ત્રાટકશે. આમાં બે લાખથી વધુ માણસો માર્યા જશે. આમાં શું કમેન્ટ કરવી. ૧૮ જૂન, ૨૦૨૩ઃ આકાશમાંથી એક સાથે સાત જણા પૃથ્વી પર ઊતરશે. આ ભાઇલોગ કે બાઇલોગ પરગ્રહવાસી જ હશે ને? કદાચ ‘કોઇ મિલ ગયા’ના જાદુને મળ્યા પણ હોય. ૧૮ ઑગસ્ટ, ૨૦૨૩ઃ વિજ્ઞાનીઓ સ્કીન કેન્સરનો ઇલાજ શોધી કાઢશે. ૩ ડિસેમ્બર, ૨૦૨૩ઃ એક ક્રિસ્ટલ અર્થાત્ સ્ફટિક મળી આવશે. જેનાથી ઘણાં રોગ મટી જશે. ૨૯ ડિસેમ્બર, ૨૦૨૩ઃ સ્ટેન સેલ્સમાંથી નવા અંગ ઉગાડવા બનાવવાની શરૂઆત થશે.

## કબર સાથે ચંદ્ર પર આવેલા છે આટલા રહસ્યો, જાણો છો?

આજે આપણી પૃથ્વી વૈશ્વિક અર્થવ્યવસ્થાને વિસ્તારવા અને વિશ્વની જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ નથી. આવી સ્થિતિમાં હવે દુનિયાની નજર પૃથ્વીથી ઉપર ઊઠીને અવકાશ તરફ જઈ રહી છે. અવકાશ હવે એવું માધ્યમ બની રહ્યું છે કે જ્યાંથી પૃથ્વીની ઊર્જાની જરૂરિયાતો પૂરી કરી શકાય. જેના કારણે આવનારા દિવસોમાં અવકાશ કોલોનાઈઝેશન, એસ્ટરોઈડ માઈનિંગ અને સ્પેસ ટુરિઝમની દિશામાં અનેક નવા આયામો ખુલવા જઈ રહ્યા છે. આવી સ્થિતિમાં સ્પેસ



લોજિસ્ટિક્સ, સેટેલાઈટ અને માનવ પ્રક્ષેપણના ક્ષેત્રમાં ભવિષ્યમાં અબજો ડોલરનું મોટું બજાર આકાર લે તો નવાઈ નહીં. ભવિષ્યના આ ધબકારને જોઈને આપ ણું ઈસરો પણ પાછળ નથી. આજે ઈસરોની ગણતરી વિશ્વની શ્રેષ્ઠ અવકાશ એજન્સીઓમાં થાય છે. મંગલયાન, ચંદ્રયાન જેવા અનેક સફળ મિશન પાર પાડ્યા બાદ ઈસરો હવે ચંદ્રયાન-૩ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઈસરો આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ૧૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ બપોરે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન ૩ લોન્ચ કરવા જઈ રહ્યું છે. જો ચંદ્રયાન ૩ લેન્ડર ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતરે છે.તો ભારત આવું કરનાર ચોથો દેશ બની જશે. ચંદ્ર હંમેશા આપણા માટે ઉત્સુકતાનું કેન્દ્ર રહ્યો છે.

BOLLYWOOD NEWS FLASH

## નેહા મલિક તેની દરેક પોસ્ટ્સ સાથે સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવે છે, અભિનેત્રી સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય છે



। મુંબઈ, તા.૬ ।

બોલીવૂડ અભિનેત્રી નેહા મલિક દરેક લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે. એક્ટ્રેસે હાલમાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર શાનદાર તસવીરો શેર કરી છે. નેહા મલિક જાણે છે કે પ ોતાના ચાહકોને કઈ રીતે દિવાના બનાવવા. નેહા મલિકે બોડીકોન ડ્રેસમાં ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે.

નેહા અવારનવાર પ ોતાના શાનદાર લુકથી ઈન્ટરનેટ પર સનસનાટી મચાવે છે. લેટેસ્ટ તસવીરોમાં પણ તેના ટોન્ડ બોડીને જોઈને ફેન્સના હોશ ઉડી ગયા છે. નેહા મલિકનો આ ગ્લેમરસ અંદાજ ફેન્સને પસંદ આવ્યો છે. ફેન્સ નેહાની તસવીરોને લાઈક કરી રહ્યા છે. બોડીકોન ડ્રેસમાં નેહા મલિક ખૂબ જ સુંદર લાગી રહી છે. નેહા મલિક ભોજપૂરી એક્ટ્રેસ છે. પ ોતાના બોલ્ડ અંદાજને લઈ ચર્ચામાં રહે છે. નેહા મલિક તેની દરેક પોસ્ટ્સ સાથે સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવે છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય છે. નેહા મલિકના ચાહકો તેના આ કાતિલ લૂકમાં પસંદ કરી રહ્યા છે.

## KBC પછી જ અમિતાભ બચ્ચન એકદમ બદલાઈ ગયા

### અમિતાભના દોસ્ત અંજન શ્રીવાસ્તવનો ખુલાસો

### ધીમે ધીમે આમંત્રણો અને સંપર્કો સંપૂર્ણપણે ખતમ થઈ ગયા, તેની મારી કારકિર્દી પર કોઈ અસર થઈ ન હતી

। મુંબઈ, તા.૬ ।

ટીવી શો ‘વાગલે કી દુનિયા’થી સ્ટાર બનેલા અંજન શ્રીવાસ્તવે ટીવી સિવાય ફિલ્મોમાં પણ ઘણું કામ કર્યું છે. તેઓ ૧૯૯૦ના દાયકામાં ઘણી ફિલ્મોમાં જોવા મળ્યા હતા. અંજન શ્રીવાસ્તવને અમિતાભ બચ્ચન સાથે ગાઢ મિત્રતા હતી. બંનેએ સાથે કામ પણ કર્યું હતું. અંજન શ્રીવાસ્તવે મુશ્કેલ સમયમાં પણ અમિતાભ બચ્ચનનો સાથ છોડ્યો નહોતો. પરંતુ ‘કૌન બનેગા કરોડપતિ’ પછી તેમના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. અંજન શ્રીવાસ્તવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં અમિતાભ બચ્ચનના મુશ્કેલ સમયગાળા વિશે



વાત કરી હતી. અંજન શ્રીવાસ્તવે કહ્યું, ‘ત્યારે અમિતજીની હાલત ખૂબ જ ખરાબ હતી. મેં ત્યારે ફિલ્મીસ્તાનમાં ‘તૂફાન’ના સેટની મુલાકાત લીધી હતી. તે દિવસોમાં કોલકાતામાં અમિતજીનો ભારે વિરોધ થયો હતો. પોસ્ટર ફાડવામાં આવી રહ્યા હતા અને અહીં અમિતજી પણ ખૂબ દુઃખી હતા. મેં ત્યાં જઈને પૂછ્યું, ‘કેમ છો ભાઈ?’ અને તેમણે કહ્યું કે ઠીક છું અને બસ આટલું જ.

અંજન શ્રીવાસ્તવે જણાવ્યું કે અમિતાભ બચ્ચન ખોટા બેંક સ્ટેટમેન્ટના કારણે ખરાબ રીતે ફસાઈ ગયા હતા. તેમણે કહ્યું, ‘જ્યારે ABCL અકાઉન્ટ હતું ત્યારે અમિતજી તેમાં ફસાઈ ગયા હતા. અમે બેંકમાંથી સ્ટેટમેન્ટ લેવા માટે તેમની ઓફિસમાં જતા હતા અને લોકો તેમની સાથે છેતરપિંડી કરતા હતા. મેં મેનેજરોને કહ્યું કે અમિતાભ બચ્ચન સામે કેસ ના કરો કારણ કે તેઓ નિર્દોષ છે. અંજન શ્રીવાસ્તવે જણાવ્યું કે અમિતાભ બચ્ચન ગરીબ થઈ ગયા હતા. તેમની કંપની ABCL ભારે ખોટમાં હતી. પરંતુ, ‘કૌન બનેગા કરોડપતિ’એ તેમના દિવસો સુધાર્યા. પરંતુ અંજન શ્રીવાસ્તવને આશ્ચર્ય થયું કે ‘કૌન બનેગા કરોડપતિ’માં જોડાયા બાદ અમિતાભ સંપૂર્ણપણે બદલાઈ ગયા. તેમણે તેમના તમામ જૂના મિત્રો સાથે સંબંધો તોડી નાખ્યા. KBC પછી અમિતજી અને મારા સંબંધોમાં ખટાશ આવી ગઈ. પહેલા જયાજી મને ફોન કરતા અને તેમના પરિવાર સાથે હોળી ઉજવવાનું આમંત્રણ આપતા.

### આલિયા અને શેન ગ્રેગોઇર લગભગ ૨ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે,

## અનુરાગ કશ્યપની દીકરીએ બોયફ્રેન્ડ સાથે કરી સગાઇ

। મુંબઈ, તા.૬ ।

ફિલ્મ મેકર અનુરાગ કશ્યપની દીકરી આલિયા કશ્યપે એના લોન્ગ ટાઈમ બોયફ્રેન્ડ શેન ગ્રેગોઈર સાથે કરી લીધી છે. આલિયા કશ્યપ સોશિયલ મિડીયામાં ઘણી એક્ટિવ રહે છે. આલિયાની એની અપડેટ્સ ફેન્સની સાથે અવાર-નવાર સાથે શેર કરતી હોય છે. સામાન્ય રીતે વાત કરવામાં આવે તો લુકને લઈને લાઈમલાઈટમાં રહેતી હોય છે. આલિયાની સગાઈની તસવીરોમાં હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહી છે. આલિયા અને શેન ગ્રેગોઈર લગભગ ૨ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. આ ખાસ દિવસે આલિયાએ વ્હાઈટ કલરનો આઉટફિટ પહેર્યો છે. મલ્ટી કલર ફ્લોરલ



ડિઝાઈનના વ્હાઈટ સિલ્ક લહેંગામાં આલિયા બહુ મસ્ત લાગી રહી છે. મંગેતર શેન વ્હાઈટ શેરવાનીમાં જોવા મળ્યો. બન્ને જણાં થોડા મહિના પહેલાં મુંબઈમાં શિફ્ટ થયા છે. હવે આલિયા અને શેને સગાઈ કરી લીધી છે. મળતી માહિતી અનુસાર લગ્ન ખબર પણ સામે આવશે.

## કિસિંગ સીન મારા માટે સરળ કામ છે, અઘરુ કામ પણ કરાવી શકો

। મુંબઈ, તા.૬ ।

૨૮ જુલાઈએ થિયેટરમાં રિલીઝ થયેલી કરણ જોહરની ફિલ્મ ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની બોક્સઓફિસ પર સારો વકરો મેળવી રહી છે. આ ફિલ્મમાં રણવીર સિંહ અને આલિયા ભટ્ટની કેમેસ્ટ્રીની જેટલી ચર્ચા છે એટલી જ ચર્ચા ધર્મેન્દ્ર અને શબાના આઝમીના એક સીનની છે, જે છે કિસિંગ સીન. બંને પ ીઢ એક્ટર્સની આ ક્લિપ પણ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. હાલમાં ફિલ્મની સક્સેસ પાર્ટી યોજાઈ હતી, જેમાં એક મીડિયાકર્મીએ ધર્મેન્દ્રને જ્યારે આ વિશે પૂછ્યું તો તેમણે કહ્યું હતું કે ‘ખૂબ મજા આવી’. આ સાથે તેમણે ઉમેર્યું હતું કે ‘મને ઘણા બધા લોકો તરતથી મેસેજ મળી રહ્યા છે, ત્યારે હું તેમને કહું છું કે ‘આ તો મારા ડાબા હાથનું કામ છે, કોઈ અઘરું કામ પણ તમે મારા પાસે કરાવી શકો છો. મજા આવી ગઈ’’. આ સાંભળી તેમની બાજુમાં બેઠેલી આલિયાની સાથે ત્યાં હાજર સૌ હસી પડ્યા હતા. જે બાદ તેમણે તેઓ એ સીન વિશે નહીં પરંતુ ફિલ્મ વિશે વાત કરી રહ્યા હોવાની સ્પષ્ટતા કરી હતી. કિસિંગ સીન વિશે વાત કરતાં ધર્મેન્દ્રએ કરણ જોહર તરફ ઈશારો કરતાં કહ્યું હતું કે ‘કેપ્ટન સારો હોય તો ટીમ પણ સારું રમે છે. અને આ કહે છે કે તે પાંચ વર્ષ બાદ આવ્યો છે. કરણ પાંચ વર્ષ બાદ આવે કે સાત વર્ષ બાદ તે પોતાની કળા દેખાડીને જશે. જ્યારે મેં આ કહાણી સાંભળી તો મને થયું કે આ તો ઘર-ઘરની કહાણી છે. આ સારી સ્ટોરી છે. અને મને પણ જ્યારે જ્યારે તક મળે છે ત્યારે છગ્ગો મારી લઉ છું’. તેમણે રણવીર સિંહની એક્ટિંગ સ્કિલના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે ‘તે ખરેખર ખૂબ જ સારો એક્ટર છે અને ભાવુક વ્યક્તિ છે. આ યુનિટ સાથેની એક-એક ક્ષણને મેં એન્જોય કરી હતી.

### જાન્હવી કપૂરે ફિલ્મોની દુનિયામાં પગ જમાવી ચૂકી છે, જાહ્નવી તેના જોરદાર અભિનયથી દર્શકોનું ખૂબ જ મનોરંજન કરી રહી છે

## સાડીમાં અપ્સરા લાગી બોની કપૂરની દીકરી ખુશી કપૂર

। મુંબઈ, તા.૬ ।

બોલિવૂડ અભિનેત્રી શ્રીદેવીની મોટી પુત્રી જાન્હવી કપૂરે ફિલ્મોની દુનિયામાં પગ જમાવી ચૂકી છે. જાહ્નવી તેના જોરદાર અભિનયથી દર્શકોનું ખૂબ જ મનોરંજન કરી રહી છે. તો બીજી તરફ, હવે તેની નાની પુત્રી ખુશી કપૂર પણ ખૂબ જ ટૂંક સમયમાં એક્ટિંગની દુનિયામાં પગ મુકવા જઈ રહી છે. ખુશી ઝોયા અખ્તરના દિગ્દર્શિત ફિલ્મ ‘ધ આર્ચીઝ’થી ડેબ્યૂ કરવા જ ઈ રહી છે. આ અંગે તેના પિતા બોની કપ ૂરે તેની એક્ટિંગ કરિયરની યોજના વિશે ખુલાસો કર્યો છે. તે કહે છે કે તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે ખુશી કપૂર અભિનેત્રી બનવા માંગે છે. એક મીડિયા સંસ્થા સાથે વાતચીત દરમિયાન તેણે જણાવ્યું કે જ્યારે તેની પત્ની શ્રીદેવીનું નિધન થયું ત્યારે ખુશી કપ ૂરની ઉંમર ૧૬ વર્ષની હતી. તેણે વધુમાં કહ્યું કે તે સમયે બંનેને ખુશીને લઈને કોઈ આશા નહોતી. બની શકે કે ખુશી અભિનેત્રી બનવા માંગતી હોય, પરંતુ અમે એવું બિલકુલ વિચાર્યું ન હતું. માતા-પિતા તરીકે, અમે એ સુનિશ્ચિત કરવામાં વ્યસ્ત હતા કે તે સારી રીતે અભ્યાસ કરે અને તેનું શાળાકીય શિક્ષણ પૂરું કરે.



# ઝાલોદ તાલુકામાં ચારેકોર મેઘમહેર : નગરના તળાવ અને ડેમ ઓવરફ્લો

## તાલુકામાં ભારે વરસાદને લઈ અમુક સોસાયટી વિસ્તારમાં પાણી તેમજ નગરના માર્ગો પર પાણીનો ભરાવો



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૭ ।


ઝાલોદ નગરમાં છેલ્લા બે દિવસથી ભારી વરસાદ વરસતા ચારે બાજુ પાણી પાણી જોવા મળી રહેલ છે. ભારે વરસાદને લઈ બસ સ્ટેશન પાસે દાહોદ રોડ જતાં ડિવાઈડર પર બંને બાજુ પાણી ભરાઈ ગયેલ હતા. ભારી વરસાદને લઈ દાહોદ જતા રસ્તા પરના ડિવાઈડર પર દોરી બાંધી રસ્તો બંધ કરવામાં આવેલ હતો.

ઝાલોદ નગરમાં નગરપાલિકા પાછળ આવેલ સોસાયટીઓના રસ્તાઓમાં પાણી ભરાઈ ગયેલ હતું. આ સોસાયટીમાં આવતા જતા રાહગીરો તેમજ અહીં વસતા લોકોને આવવા જવા માટે ભારી દુવિધાનો સામનો કરવો પડી રહેલ છે. આ સોસાયટીના રસ્તાઓ તુટી ગયેલ હોવાથી તેમજ આજુબાજુના નાળાઓ મા પાણી છલકાતા સોસાયટીના રહેવાસીઓને આવવા જવામાં તકલીફ પડતી હતી. નગરના લાલ મેદાનમાં પણ પ ાણી પાણી ભરાઈ ગયેલ જોવા મળતું હતું. ઝાલોદ નગરનું રામસાગર તળાવ છલકાઈ ગયેલ હતું તેમજ તેના પાણી છલકાતા આ પાણી આજુબાજુના ગામમાં પણ જતું રહેલ હતું. રામસાગર તળાવની પાસે આવેલ એક વર્ષો જૂનું લીમડાનું વૃક્ષ ભારી વરસાદને લઈ મૂળમાંથી છૂટું થઈ રોડ પર પડી ગયેલ હતું. આ મોટું વૃક્ષ લાઈટના થાંભલા પર પ ડી જતાં આ વિસ્તારમાં લાઈટ પણ બંધ થઈ ગયેલ હતું. તેમજ વૃક્ષ અને લાઈટનો થાંભલો રસ્તા પર પડતાં આ રસ્તા પરની અવરજવર પણ બંધ કરી દેવામાં આવી હતી. ઝાલોદ નગરના બસસ્ટેશન વિસ્તારમાં દાહોદ જતાં રસ્તા પર ડિવાઈડરની બંને બાજુ પાણી ભરાઈ ગયેલ હતું. આવતા જતા રાહગીર પાણીમાં ફસાઈ ન જાય તે માટે દાહોદ જતાં ડિવાઈડર પર દોરી બાંધી રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. ઝાલોદ નગરના ગીતામંદિર થી સ્વર્ણિમ સર્કલ સુધી પાણી ભરાઈ ગયેલ જોવા મળતું હતું તેમજ હનુમાનજી જતાં રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં અહીંથી અવરજવર કરનાર લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહેલ હતો. તેમજ ભારી વરસાદને લઈ અમુક વિસ્તારોમાં લાઈટ પણ બંધ થઈ ગયેલ જોવા મળતું હતું. નગરમાં ભારી વરસાદને લઈ પાણી ભરાઈ જતાં જે તે વિસ્તારોના રહીશોમાં ભારે તંત્ર પ્રત્યે આક્રોશ જોવા મળી રહેલ હતો. નગરના મુખ્ય દરેક માર્ગો તુટી ગયેલ તેમજ મોટા મોટા ખાડાઓ વાળા હોવાથી વાહન ચલાવતા લોકોને પણ તકલીફ પડી રહેલ હતી. વાહન ચલાવતા લોકોની ગાડી ખાડાઓમાં પાણી ભરાયેલ હોવાથી ગાડી ખાડાઓમાં પછડાતી જોવા મળતી હતી. તેમજ આ ખાડાઓને લઈ અમુક લોકો પડી ગયેલ જોવા પણ સાંભળવા મળેલ હતું. આ રસ્તાઓ પર કોઈ ગંભીર અકસ્માત સર્જાય તો તે માટે જવાબદાર કોણ ...તંત્ર પાસે કેટલીય વાર માંગણી કરવા છતાય તંત્ર નગરને સારા રસ્તા આપી શક્યું નથી. જવાબદાર તંત્રની બેદરકારીને લીધે સર્વ નગરજનોને ભારી હાલાકીનો સામનો પડી રહેલ છે. તંત્ર પાસે કેટલીય વાર લેખીત તેમજ મૌખિક રજુઆત કરવા છતાય તંત્ર નગરની પ્રાથમિક જરૂરિયાત પૂરી કરવામાં વામણું પુરવાર થયેલ છે. હજુ પણ જવાબદાર તંત્ર કુંભકર્ણની નિંદ્રા માથી આળસ ખંખેરી નગરના રાજમાર્ગો દિવાળી પહેલા પાકા બનાવી દે તેવી લોકમાંગ ઉઠવા પામી છે .

# કરજણ ડેમના ત્રણ દરવાજા ખોલાયા કરજણ ડેમની જળ સપાટી ૧૧૩ મીટરે નોંધાઇ

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૭ ।

લાંબા સમય પછી નર્મદામાં ડેડીયાપાડા સાગબારાના ઉપરવાસમાં પાણીની આવક વધતા કરજણ ડેમમાં પાણીની આવક વધતા પામી છે. કરજણડેમના સત્તા વાળાઓએ ડેમના ત્રણ દરવાજા ખોલાયા છે.જે ૪,૫, અને ૬નંબર ૦.૬૦મીટર પહોળા ખોલવામાં આવ્યા છે. હાલ ની કરજણ ડેમની સપાટી ૧૧૩ મીટરે પહોંચી છે. તેમાંથી ૯૮૪૦ ક્યુસેક પાણીની આવક સામેએટલાજ ૯૮૪૦ ક્યુસેક જાવક સરખી નોંધાઈ છે. હાલ કરજણ ડેમની જળ સપાટી ૧૧૩ મીટરે નોંધાઈછે આજનું રુલ લેવલ ૧૧૩.૧૫મીટર જાળવવા કરજણ જળાશયમાંથી ૩ગેટ દ્વારા પાણી છોડાતા કરજણ નદી હાલ તો બે કાંઠે વહી રહી છે. હાલ કરજણ ડેમમાં ગ્રોસ સ્ટોરેજ ૪૭૪.૧ મિલિયન ઘન મીટર છે જયારે લાઈવ સ્ટોરેજ ૪૫૦.૧૩મિલિયન ઘન મીટર છેહાલ કરજણ ડેમ ૮૮%ભરાયો છે. હાલ ૩ મેગા વોટના સ્મોલ હાઈડ્રો પ ાવર ચાલુ કરાતા, પાણીના પ્રવાહની જાવકથી પ્રતિદિન ૭૨ હજાર યુનિટનું વિજ ઉત્પ ાદન થઈ રહ્યું છે. હાલ કરજણ ડેમમાં ગ્રોસ



સ્ટોરેજ ૪૭૪.૧ મિલિયન ઘન મીટર છે જયારે લાઈવ સ્ટોરેજ ૪૫૦.૧૩મિલિયન ઘન મીટર છેહાલ કરજણ ડેમ ૮૮%ભરાયો છે. હાલ ૩ મેગા વોટના સ્મોલ હાઈડ્રો પ ાવર ચાલુ કરાતા, પાણીના પ્રવાહની જાવકથી પ્રતિદિન ૭૨ હજાર યુનિટનું વિજ ઉત્પાદન થઈ કરજણ ડેમ હાલમાં ડેમમાંથી છોડાઈ રહેલા પાણીના કારણે રાજપીપલા કરજણ ઓવારા પાસે બેરીકેટ લગાવી પોલીસ મૂકી નદી તરફ જવાનો રસ્તો બંધ કરી આવવા જવા પર પ્રતિબંધ ફરમાવી દેવાયો છે.

## મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કડાણા ગામે

# ઈસ્ટદેવ શ્રી એકિલંગજી મહાદેવના સાનિધ્યમાં બ્રહ્મર્ષિઓ દ્વારા શ્રાવણ માસની પૂર્ણતાના અવસરે છપ્પન ભોગ મહાપ્રસાદ



। ભરતકુમાર પંડ્યા દિવડા કોલોની, તા.૧૭ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કડાણા ગામે ઈસ્ટદેવ શ્રી એકિલંગજી મહાદેવ ના સાનિધ્ય માં બ્રહ્મર્ષિઓ દ્વારા શ્રાવણ માસની પૂર્ણતા ના અવસરે છપ્પન ભોગ મહાપ્રસાદ ધરાવી તેમજ મહાઆરતી નું આયોજન રાખવામાં આવ્યું હતું મહાદેવજી ના સાનિધ્ય માં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.સૌ કોઈ ભક્તોએ ભજનકીર્તન નો પણ લહાવો લીધો હતો.અત્રે ઉપસ્થિત ભૂદેવોએ પ ોતપોતાની આગવી શૈલીમાં રમઝટ મચાવી સમગ્ર વાતાવરણને જાણે ભાનભૂલી આનંદમય બનાવ્યું હતું.સૌ ભક્તો પાવન પર્વે વિવિધ પ્રસાદી લઈ ધન્યતા અનુભવી છૂટા પડ્યા હતા. ૧૭ અને ૨૪ ડિસેમ્બર એમ બે પૈકી એક તારીખ ઉદ્ઘાટન માટે નિશ્ચિત કરવાની હતી. એ પ છી સુરત હીરા બુર્સની મળેલી કમિટી મિટીંગમાં નક્કી થયા મુજબ તા.૧૭મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સુરત હીરા બુર્સનું ઉદ્ઘાટન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે

# પાલિતાણામાં સેવાભાવી દાઉદી વ્હોરા અગ્રણી સૈફુદ્દીનભાઈ ટીનવાળાનું નિધન



। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૧૭ ।

દાઉદી વ્હોરા સમાજના અગ્રણી સૈફુદીનભાઈ આદમજીભાઈ ટીનવાળા (ઉ.વ.૮૩) તે શીરીનબેનના પતિ તાહેરભાઈ (મહુવા)ના ભાઈ અબ્બાસભાઈ, મ. યુસુફભાઈ, હુસૈનભાઈ, અલીહુશેનભાઈના પિ તા સારાબેન, મુસ્તફા, અલફીયા, મુસ્તફા, લમકના દાદા ફરીદાબેન, મુનીરાબેન, અલફીયાબેનના સસરાનું તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ ને રવિવારના રોજ પાલીતાણા મુકામે નિધન થયેલ છે મર્હુમની જીયારત (કુરાનખ્વાની) તા.૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩ને મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે દાઉદી વ્હોરા સમાજના કબ્રસ્તાન અને બેસણું સાંજે ૪થી૬ સદગતના નિવાસસ્થાન ‘‘બુરહાની મંઝીલ’’ ખોજાખાના પાસે ખત્રીવાડ પાલીતાણા ખાતે રાખવામાં આવેલ છે મ. સૈફુદીનભાઈ વર્ષો સુધી પાલીતાણામાં વ્હોરા સમાજમાં સેવા આપી હતી જેની યાદ આજે તાજી કરી સદગતને આંસુની અંજલી અર્પી હતી ખોજાખાના પાસે ખત્રીવાડ પાલીતાણા ખાતે રાખવામાં આવેલ છે મ. સૈફુદીનભાઈ વર્ષો સુધી પાલીતાણામાં વ્હોરા સમાજમાં સેવા આપી હતી જેની યાદ આજે તાજી કરી સદગતને આંસુની અંજલી અર્પી હતી. શોક સંદેશો વ્યકત કરવા મો.૯૪૨૮૪ ૩૧૪૫૩, ૯૮૯૮૬ ૧૧૦૪૬ ઉપર સંપર્ક સાધવો.

# મહીસાગર જિલ્લાના લુણાવાડા મુકામે પ. પૂ. શ્રી ગીરીબાપુની શિવકથા શ્રીમુખેથી રાખવામાં આવી

। ભરતકુમાર પંડ્યા દિવડા કોલોની, તા.૧૭ ।

મહીસાગર જિલ્લાના લુણાવાડા મુકામે પ. પૂ.શ્રી ગીરીબાપુ ની શિવકથા શ્રીમુખેથી રાખવામાં આવી.જેમાં મોટી સંખ્યા મા ભકતજનો એ લાભ લીધો હતો આજની કથા ના આઠમા દિવસે નૃત્યકલાકાર તેમજ શિવ તાંડવ નો વિશિષ્ટ



લાભ ભાવિક ભક્તોએ મેળવ્યો હતો. ઉપસ્થિત સર્વ શિવભક્તોએ બહોળી સંખ્યામાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી.

## ઝઘડિયાના કાંઠા વિસ્તારમાં નીચાણવાળા વિસ્તારમાં નર્મદાના પુરના પાણી ભરાતા જળબંબાકાર

# પુર અસરગ્રસ્ત ગામોના લોકો અને પશુઓનું તંત્ર દ્વારા સ્થળાંતર કરાવીને સલામત સ્થળે ખસેડાયા

## ઓરપટાર, જુનીતરસાલી, જુનાટોઠિદરા, ઇન્દોર, પાણેથા સહિત કાંઠાના ગામોના રસ્તાઓ પર પાણી ફરી વળતા બંધ કરાયા



। મલેક યસદાની ભરૂચ, તા.૧૭ ।

નર્મદા નદીના ઉપરવાસમાંથી પાણીની ભારે આવક થતાં નર્મદા ડેમમાં પાણીનો ભારે ભરાવો થતાં નર્મદા નદીમાં લાખો ક્યુસેક પ ાણી છોડવામાં આવી રહ્યું છે,તેને લઈને નર્મદા નદીમાં પુરની સ્થિતિ સર્જાઇ છે. ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાંથી વહેતી નર્મદા નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા કાંઠા વિસ્તારના ગામોએ ખેતરો ઉપરાંત નીચાણવાળા વિસ્તારોમાં પુરના પાણી ઘુસી જતા ઠેરઠેર જળબંબાકાર જેવી પરિસ્થિતિ સર્જાઇ હતી. ગઈકાલથી જ નર્મદામાં મોટા જથ્થામાં પાણી છોડવાનું શરૂ કરતા નદી બે કાંઠે વહેતી જોવા મળી હતી, પરંતુ ત્યારબાદ નદીના પુરના પાણી કાંઠા વિસ્તારના નીચાણવાળા ગામો તેમજ ખેતરોમાં ફરી વળ્યા હતા. ઝઘડિયા તાલુકાના ઓરપટાર, જુનીતરસાલી, જુના ટોઠિદરા, પોરા, જુનીજરસાડ, જેવા કાંઠા વિસ્તારના ગામો પુરની અસર હેઠળ આવી જતા આ ગામોના અસરગ્રસ્ત લોકોને તંત્ર દ્વારા સલામત સ્થળે ખસેડાયા હતા. તાલુકાના જુનાપોરા તેમજ જુનીજરસાડ ગામો નર્મદાના પુરની અસર હેઠળ આવી જતા કેટલાક સ્થળોએ પુરમાં ફસાયેલ લોકોને નાવડીઓમાં લઈ જઈને સ્થળાંતર કરાવાયું હતું. આ ગામોના પ ુરમાં ફસાયેલા ગ્રામજનો તેમજ પશુઓનું તંત્ર દ્વારા સ્થળાંતર કરાવાયું હતું, તેમજ આ પુર અસરગ્રસ્ત લોકોને ભાલોદ, નવી તરસાલી, નવા ટોઠિદરા, અવિધા જેવા ગામોએ રાહત કેમ્પો ઉભા કરીને ત્યાં આશરો આપવામાં આવ્યો હતો. આ લખાય છે ત્યારે પણ તાલુકામાં મોટાભાગના વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ ચાલુ છે. ત્યારે વધુમાં મળતી વિગતો મુજબ કાંઠા વિસ્તારના પાણેથા અને ઈન્દોર ગામ વચ્ચે માર્ગ પર પાણી ફરી વળતા માર્ગ બંધ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ભાલોદ પંથકના જુનાટોઠિદરા ઓરપટાર જેવા વિસ્તારોમાં પણ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. ઉપરાંત અનરાધર વરસાદને લઈને તેની અસર તાલુકાના બજાર વિસ્તારો પર પણ જોવા મળી હતી. ઝઘડિયા રાજપારડી અને ઉમલ્લાના બજારો વરસાદને લઈને સુમસામ જણાતા હતા. તાલુકામાંથી પસાર થતો ધોરીમાર્ગ પણ વાહનોની નહિવત અવરજવરને લઈને સુનો જણાતો હતો. તાલુકાના ઓરપટારની સામે કાંઠે આવેલ ઝણોર ગામે કિનારા નજીકના મકાનો પુરની અસર હેઠળ આવતા મકાનોમાં કેડસમા પાણી ભરાયા હતા.

# આતરસુંબા ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી

। રાજેશભાઈ સરપંજ કપડવંજ, તા.૧૭ ।

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ઐતિહાસિક નગર આતરસુંબા રેફરલ હોસ્પિ ટલ ઝઉઁઝ ખાતે અને આતરસુંબા ગ્રામ પંચાયત વોર્ડ નં. ૨ ઓડવાડામાં શ્રી વિહત માતાજી મંદિર વિસ્તાર ખાતે કપડવંજ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા અને ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ શ્રી કિરણસિંહ ડાભીની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રદ્ધેય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિન પ્રસંગે ઝસ્ઝના બાળકો તથા જરૂરિયાત મંદોને ફ્રૂટ અને બિસ્કિટ વિતરણ કરી તથા શ્રી વિહત માતાજીના આશિર્વાદ મેળવી ભાજપ પરિવાર દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૩ માં જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ખેડા જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી જયેશભાઈ પટેલ નવાગામ, જિલ્લા મંત્રી શ્રી ધૂળસિંહ સોલંકી, કપડવંજ એપીએમસી ચેરમેન શ્રી નિલેશભાઈ પટેલ, ખેડા જિલ્લા બક્ષીપંચ મોર્ચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા, પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી, મહામંત્રી શ્રી જીતુભાઈ પટેલ ઝંડા, કિસાન મોર્ચા પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ શર્મા, આતરસુંબા ગ્રામ પંચાયત વોર્ડ નં.૨ ના સદસ્ય સૃષ્ટિબેન રાજેશભાઈ શર્મા, પૂર્વ સદસ્ય શ્રી નિતિનભાઈ ચૌહાણ,



શ્રી હેમરાજભાઈ દેસાઈ ભુવાજી, શ્રી નગીનભાઈ રાવળ, પ્રેમિલાબેન ભોઈ, શ્રી રાજુભાઈ પરમાર, મંત્રીશ્રી પ્રવિણસિંહ સોલંકી એડવોકેટ વાઘાવત, શ્રી સુરેશભાઈ પરમાર, શ્રી જયંતિભાઈ સોલંકી, આતરસુંબા પીએસઆઈ શ્રી ચૌધરી મેડમ, રેફરલ હોસ્પિટલ ઝસ્ઝ હેડ બહેન શ્રી ફોરમબેન, શ્રી મનુભાઈ શર્મા, શ્રી કિશનભાઈ ઠાકોર, શ્રી યોગેશ દેસાઈ, રેફરલ હોસ્પિટલ સ્ટાફ સહિતના મહાનુભાવો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રેફરલ હોસ્પિટલ ઝસ્ઝ હેડ બહેન શ્રી ફોરમબેન, શ્રી મનુભાઈ શર્મા, શ્રી કિશનભાઈ ઠાકોર, શ્રી યોગેશ દેસાઈ, રેફરલ હોસ્પિટલ સ્ટાફ સહિતના મહાનુભાવો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. આજે તમારો કોઈ સબંધી કોઈ પૂર્વ સૂચના વિના તમારા ઘરે આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. તમારા બાળકો ને આજે સમય નો સારો ઉપયોગ કરવા ની સલાહ આપી શકો છો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટાથી ધન સંચિત કરવા ની સલાહ લો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમને તમારા પ્રિયપ ાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.



શ્રીલંકાના કોલંબોમાં ભારત અને શ્રીલંકા વચ્ચે એશિયા કપની ફાઇનલ ક્રિકેટ મેચ દરમિયાન શ્રીલંકાના ધનંજય ડી સિલ્વાની વિકેટની ઉજવણી કરી રહેલા ભારતના મોહમ્મદ સિરાજ.

ન્યૂઝ બ્રિફ

## ભારતીયોને વિઝા આપવા માટે USએ સ્પેશિયલ વિન્ડો ઓપન કરી

### અમેરિકાના વિઝાના લાંબા વેઇટિંગ ટાઇમના કારણે ઉચ્ચ સ્તરે ઘણી રજૂઆતો કરાઈ : ફ્રેંકફર્ટ ખાતે નવી વિન્ડો ઓપન



। નવી દિલ્હી, તા.૧૭ ।

અમેરિકાના વિઝા મેળવવામાં વેઈટિંગનો સમય એટલો બધો લાંબો છે કે ભારતીયો તેનાથી ત્રાસી ગયા છે. તેના કારણે વિઝાના ટાઈમિંગ વિશે ભારતીયો દ્વારા ઉચ્ચ સ્તરે ઘણી રજુઆતો કરવામાં આવી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અમેરિકાએ ભારતીયોને વિઝા આપવા એક સ્પેશિયલ વિન્ડો ઓપન કરી છે. જોકે, આ સુવિધા ફ્રેંકફર્ટમાં જ ખોલવામાં આવી છે.ભારતથી જે લોકો મ૧ (બિઝનેસ) અને મ૨ (ટુરિસ્ટ) વિઝા પર અમેરિકા જવા માંગે છે તેમના ઈન્ટરવ્યૂમાં ઘણો વધારો સમય લાગે છે જેના વિશે ઘણી ફરિયાદો થઈ છે. હવે ફ્રેંકફર્ટ ખાતે યુએસ કોન્સ્યુલેટે ભારતીય અરજકર્તાઓ માટે ચોક્કસ ઈન્ટરવ્યૂ એપોઈન્ટમેન્ટ નક્કી કરી છે. મ૧/મ૨ વિઝાના ઈન્ટરવ્યૂ માટે વેઈટિંગ ટાઈમ એટલો લાંબો છે કે લોકોના બધા પ્લાન ખોરવાઈ જાય છે. હૈદરાબાદમાં આ વિઝા માટે ઈન્ટરવ્યૂ મેળવવા ૪૪૧ દિવસોનું વેઈટિંગ ચાલે છે જ્યારે ચેન્નાઈમાં ૪૮૬ દિવસ, નવી દિલ્હીમાં ૫૨૬ દિવસ, મુંબઈમાં ૫૭૧ દિવસ અને કોલકાતામાં ઈન્ટરવ્યૂ માટે ૬૦૭ દિવસનું વેઈટિંગ ચાલે છે. તેની તુલનામાં જર્મનીના ફ્રેંકફર્ટથી વિઝા ઈન્ટરવ્યૂ બૂક કરવામાં આવે તો માત્ર ત્રણ દિવસમાં વારો આવી જાય છે. યુએસ વિઝાની માંગ એટલી વધારે છે કે એક વિશાળ બેકલોક પેદા થયો છે. તેના કારણે ભારતીયોને ભારત બહારથી પણ વિઝા ઈન્ટરવ્યૂ આપવાની સુવિધા આપવામા આવી છે. ઉદાહરણ તરીકે ભારતીયો થાઈલેન્ડની રાજધાની બેંગકોકથી પણ ઈન્ટરવ્યૂ આપી શકે છે. ગયા વર્ષે યુએસ વિઝા માટે ઈન્ટરવ્યૂનો વેઈટિંગ ટાઈમ ત્રણ વર્ષની ટોચ પર પહોંચી ગયો હતો. તેને ઘટાડવા માટે હવે કેટલાક પગલાં લેવામાં આવ્યા છે. ભારતમાં નોન-ઈમિગ્રેશન વિઝા ઈન્ટરવ્યૂ માટે એક નવું શિડ્યુલિંગ પોર્ટલ રચવામાં આવ્યું છે અને તેમાં પણ ઘણી ફરિયાદો મળી છે.

### જિમમાં વર્કઆઉટ કરતા યુવકનું મોત

## ટ્રેડમિલ પર દોડતા અચાનક યુવકને આવ્યો હાર્ટ અટેક

### કોરોના મહામારી બાદ નાની વયે હાર્ટ અટેકના કિસ્સા સતત વધી રહ્યાં છે : જિમમાં એક્સરસાઇઝ કરતા વધુ એક મોત

। ગાઝિયાબાદ, તા.૧૭ ।

કોરોનાની મહામારી બાદ યંગ એઝમાં હાર્ટ અટેકના કેસ સતત વધી રહ્યાં છે. ક્રિકેટ રમતા રમતા તો જિમમાં એક્સરસાઈઝ કરતા મોત થયાના અનેક કિસ્સા સામે આવી રહ્યાં છે. જિમમાં ટ્રેડમિલ પર દોડતા વધુ એક યુવાનનું આજે મોત થયું છે. હાર્ટ અટેકના કારણે મૃત્યુ થયાની પુષ્ટી થઇ છે. જિમમાં વર્કઆઉટ દરમિયાન ટ્રેડમિલ પર દોડતી વખતે એક વ્યક્તિનું મોત થયું હતું. વ્યક્તિનો આ વીડિયો જીમમાં લાગેલા સીસીટીવી કેમેરામાં રેકોર્ડ થયો હતો, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ગાઝિયાબાદના સરસ્વતી વિહાર વિસ્તારમાં એક જિમમાં ટ્રેડમિલ પર દોડતી વખતે એક યુવકે જીવ ગુમાવ્યો હતો. મળતી માહિતી મુજબ, એવું કહેવામાં આવી રહ્યું છે કે યુવકને દોડતી વખતે હાર્ટ એટેક આવ્યો હતો. જેના કારણે તે ટ્રેડમિલ પર દોડતી વખતે પડી ગયો હતો. અકસ્માતનો આ વીડિયો જીમમાં લાગેલા સીસીટીવી કેમેરામાં રેકોર્ડ થયો હતો અને હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ઈન્દિરા પુરમના એસીપીએ આ ઘટનાની પુષ્ટિ કરી છે.આ મામલો ગાઝિયાબાદના ખોડા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. મૃતકનું નામ સિદ્ધાર્થ કુમાર છે જે પોતાના પરિવાર સાથે સરસ્વતી વિહાર વિસ્તારમાં રહે છે. સિદ્ધાર્થ તેના ઘરની નજીકના જિમમાં કસરત કરવા જતો હતો.

### વલસાડમાં સમુદ્રનું જળસ્તર સતત વધી રહ્યું છે

## વધુ એક ગામ પાણીમાં ગરકાવ થઈ જવાની ભીતિ

### જમીનના સતત ધોવાણ-રેતી ખનનના કારણે ૫૦ વર્ષમાં દરિયાએ દોઢ કિમીના કિનારાને પોતાનામાં સમાવી લીધો

। સુરત, તા.૧૭ ।

ઘર સાથે આપણે ભાવનાત્મક રીતે જોડાયેલા હોઈએ છીએ. એટલે જ જ્યારે ઘર છોડવાનો વારો આવે ત્યારે ત્યાં વીતાવેલા વર્ષો આંખો સામે તરવરી ઉઠે છે. ખાટી-મીઠી બધી જ યાદોને સામાન સાથે બાંધીને આપણે લઈ જઈએ છીએ. બધો જ સામાન પેક કરીને ઘર છોડવું જેટલું મુશ્કેલ લાગે છે તેટલું જ નવું ઘર શોધવું અને તેમાં ફરીથી ગોઠવાવું અઘરું છે. વલસાડના દાંતી ગામના સરપંચને ઉચાળા ભરવાનો વારો બીજીવાર આવ્યો છે. દરિયાકાંઠે આવેલા ઘરને તેમણે જળસમાધિ લેતા જોયું છે.



ફરી એકવાર ઉછળતો-ઘૂઘવાતો દરિયો તેમના ઉંબરે આવીને ઊભો રહ્યો અને તેમના અહેસાસ કરાવ્યો કે ફરી એકવાર સામાન બાંધવાનો વારો આવી ગયો છે. ૩૦ વર્ષ પહેલા ૪૬ વર્ષીય અમરત ટંડેલનું ઘર હાલ જ્યાં દરિયાકિનારો છે તેનાથી એક કિલોમીટર અંદરની બાજુ હતું. અમરત ટંડેલે કહ્યું, ‘‘હાલ હું નાની દાંતી ગામમાં રહું છું અને દરિયાકિનારો મારા પાડોશીના ઘરને અડીને જ આવેલો છે. મારું બાળપણનું ઘર તો હાલ દરિયાના પાણીમાં ગરકાવ થઈ ગયું છે. અમે ૧૮,૦૦૦ લોકો એક સમયે મોટી દાંતી ગામના રહેવાસી હતા. દરિયાનું પાણી છેક ગામ સુધી આવી ગયું અને આખા ગામમાં ફરી વળ્યું. જેથી ગામમાં રહેતા બધા જ લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવાની ફરજ પડી હતી.’’ ‘‘સમૃદ્ધ પરિવારોએ નજીકના ગામોમાં જમીન ખરીદી લીધી જ્યારે નબળા આર્થિક વર્ગના લોકોએ સરકારી જમીન પર મકાન બાંધ્યા હતા.

### ઓક્ટોબરથી દરેક પ્રકારના વિઝા મોંઘા પડશે

## UKની સ્ટુડન્ટ વિઝા ફીમાં રૂપિયા ૧૩,૦૦૦નો વધારો

। લંડન, તા.૧૭ ।

હાયર એજ્યુકેશન માટે વિદેશ જતા ભારતીયોમાં યુકે એક મહત્ત્વનો દેશ છે. અહીંની વિશ્વવિખ્યાત કોલેજો અને યુનિવર્સિટીઓ ભારતીયોને હંમેશાથી આકર્ષતી રહી છે. છેલ્લા કેટલાક સમયમાં મોંઘવારી વધવાની સાથે સાથે યુકેમાં ભણવાનો ખર્ચ પણ વધતો જાય છે. તાજેતરમાં યુકેએ સ્ટુડન્ટ વિઝાની ફી વધારવાનો નિર્ણય લીધો છે. આ વધારો ૪ ઓક્ટોબરથી લાગુ થશે. ભારતીય વિદ્યાર્થીઓએ યુકેના વિઝા માટે ૧૨૭ પાઉન્ડ વધારે ચુકવવા પડશે. એટલે કે લગભગ ૧૩,૦૦૦ રૂપિયાનો ખર્ચ વધી જશે. યુકેની સંસદે સ્ટુડન્ટ વિઝા ફી વધારવા માટે ગયા અઠવાડિયે કાયદો પસાર કરી દીધો હતો. નવા સ્ટ્રક્ચર પ્રમાણે યુકેમાં છ મહિનાથી ઓછું રોકાણ કરવું હોય તો તેવા વિઝિટ વિઝા માટે ૧૫ પાઉન્ડનો વધારાનો ચાર્જ લાગશે, જ્યારે સ્ટુડન્ટ વિઝા ૧૨૭ પાઈન્ડ મોંઘા પડશે. હવેથી યુકેના છ મહિનાથી ઓછા સમયના વિઝિટ વિઝા જોઈતા હોય તો ૧૧૫ પાઉન્ડની વિઝા ફી ભરવી પડશે. જ્યારે યુકેના સ્ટુડન્ટ વિઝાની ફી ૪૯૦ પાઉન્ડ જેટલી રહેશે. યુકેમાં હાલમાં સરકાર અને પબ્લિક સેક્ટરના સાહસો વચ્ચે વેતનના મામલે ખેંચતાણ ચાલે છે. અહીં નેશનલ હેલ્થ સર્વિસમાં કામ કરતા લોકો વારંવાર હડતાલની ધમકી આપે છે અને વધારે વેતનની માંગણી કરી રહ્યા છે. તેના કારણે યુકેના વડાપ્રધાન યુકે સુનક આવક વધારવા માટે નવા નવા રસ્તા શોધી રહ્યા છે.

### અનેક ગામોને એલર્ટ કરવામાં આવ્યા

## કડાણા ડેમમાંથી 3 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવતા મહી નદીમાં ઘોડાપૂર

### કડાણા ડેમના હાલ ૧૫ ગેટ ખોલી દેવામાં આવ્યા, કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ, અનેક લોકોનું સ્થળાંતર

। મહીસાગર, તા.૧૭ ।

મહીસાગરમાં કડાણા ડેમની સપાટીમાં ધરખમ વધારો થયો છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે કડાણા ડેમમાં પાણીની આવક વધી છે. રાજસ્થાનના બાસવાળાના બજાજ સાગર ડેમમાંથી પાણી છોડવામાં આવતા કડાણા ડેમમાં આવક થઈ છે. ઉપરવાસમાંથી કડાણા ડેમમાં ૭ લાખ ક્યુસેક પાણીની આવક થઈ છે. કડાણા ડેમમાંથી ૧૫ ગેટ ખોલી મહીસાગર નદીમાં પાણી છોડાયું છે. કડાણા ડેમની સપાટી ૪૧૨.૦૮ ફૂટે પહોંચી છે. કડાણા ડેમમાંથી ૩ લાખ ક્યુસેક પાણી મહી નદીમાં છોડવામાં આવ્યું છે. આણંદ જિલ્લાના મહીસાગર નદીના કિનારાના ૨૨ ગામોને એલર્ટ રહેવાની સૂચના આણંદ જિલ્લા ઈન્ચાર્જ કલેક્ટર મિલિન્દ બાપનાએ આપી છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં અતિ ભારે વરસાદ થતાં કડાણા ડેમમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થઈ રહી છે. કડાણા ડેમથી ૩ લાખ ક્યુસેક પાણી ખેડા જિલ્લાના ગળતેશ્વર સ્થિત વણાંકબોરી ડેમમાં છોડાતા વણાંકબોરી ડેમ ઓવરફ્લો થયો છે. વણાંકબોરી ડેમનું પાણી સતત મહીસાગર નદીમાં છોડાઈ રહ્યું છે.

વિશેષ

### સુરત એસીબી દ્વારા આ બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ વધુ તપાસ શરૂ કરવામાં આવી

# સુરત એસીબીએ મહિલા ક્લાર્ક અને કમ્પ્યુટર ઓપરેટરને લાંચ લેતા રંગેહાથ ઝડપ્યા

સુરત એસીબી દ્વારા વધુ એક વખત સફળ ટ્રેપ કરવામાં આવી છે. આ વખતે એસીબી દ્વારા સુરતના સુડામાં નોકરી કરતી મહિલા સહિત એક કમ્પ્યુટર ઓપરેટરને લાંચ લેતા ઝડપી પડ્યા છે. આ બંને કર્મચારીઓએ ૩૪ હજારની લાંચ લેતા પકડાયા છે.એક વખત સરકારી નોકરી મળી ગયા બાદ નોકરી માત્ર ઉપરની કમાણીનું સાધન સમજીને લોકો પાસે આડેધડ લાંચ માંગતા અધિકારીઓ સામે કાર્યવાહી માટે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા કાર્યવાહી કરવામાં આવતી હોય છે. ત્યારે સુરત શહેરમાં પણ આઉટસોર્સ થકીથી સરકારી નોકરીમાં આવેલા કમ્પ્યુટર ઓપરેટર અને સુડા ભવનમાં ડિસ્પેચ ક્લાર્ક તરીકે ફરજ બજાવતી મહિલાએ એક અરજીના નિકાલ માટે લાંચની માંગણી કરી હતી.

ફરિયાદી દ્વારા સુરત મહાનગર પાલિકાના વોર્ડનં ૪ના એક કર્મચારીને વેરા બીલમાં નામ ફેર કરવા માટે અરજી આપી હતી, આ અરજી સંદર્ભે અકિંત પટેલ જે સુરત મનપનાના સેન્ટ્રલ ઝોનમાં ગુમાસ્તા વિભાગમાં કમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવે છે તેમણે વેરા બિલમાં ભરવાના થતાં ૫૪ હજારની સામે માત્ર ૩૪ હજારમાં સેટલ કરી આપવાની ફરિયાદીને વાત કરી હતી. ફરિયાદીને તેમણે ૧૧ હજાર રૂપિયાની રસીદ જ આપવાની વાત કરી હતી. જો કે ફરિયાદી દ્વારા અધિકારી સાથે વાત કરાવવાની વાત કરવામાં આવતા અંકિતે સુડા ભવનમાં ડિસ્પેચ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા નિરાલી દવે સાથે વાત કરાવી હતી

જો કે ફરિયાદી આ સમગ્ર મામલે લાંચ આપવા માટે તૈયાર નહોતા તેથી તેમણે આ અંગેની ફરિયાદ એસીબીને કરી હતી. એસીબી દ્વારા આ સમગ્ર મામલે ફરિયાદીની ફરિયાદ સાંભળીને એક ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ફરિયાદ દ્વારા આ સમગ્ર મામલે અંકિતને સુરતના અડાજણ એસ ટી ડેપો ખાતે બોલાવવામાં આવ્યો હતો. ત્યાં આવ્યા બાદ ફરિયાદી દ્વારા વોર્ડ નંબર ૪ના અધિકારી અંગે પૂછતા તેમણે ફરી નિરાલી દવે સાથે વાત કરાવી હતી. નિરાલી દવે સાથે વાત કરાવતા ફરિયાદીએ અંકિતને ૩૪ હજાર રૂપિયા આપ્યા હતાં. ૩૪ હજાર રૂપિયા અંકિત પાસે પહોંચતા જ એસીબીની ટીમ ત્રાટકી હતી. એસીબીની ટીમ દ્વારા અંકિતની પ્રથમ અટકાયત કર્યા બાદ અધિકારી અંગે પૂછતાછ કરી હતી. જોકે આ કાંડમાં નિરાલી દવે સામેલ હોવાનું સામે આવતા એસીબીએ બંને આરોપીઓની ધરપકડ કરી હતી. સુરત એસીબી દ્વારા આ બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. ત્યારે આ સમગ્ર મામલે આ બંને કર્મચારીઓ દ્વારા ક્યાં કેટલા લોકો પાસેથી આ પ્રકારને ખોટુ બોલી લાંચ લીધી છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત આ બંને કર્મચારીઓ પાસે બેનામી મિલકતો છે કે તેમ તેની તપાસ કરાશે. જો કે ફરિયાદી આ સમગ્ર મામલે લાંચ આપવા માટે તૈયાર નહોતા તેથી તેમણે આ અંગેની ફરિયાદ એસીબીને કરી હતી. એસીબી દ્વારા આ સમગ્ર મામલે ફરિયાદીની ફરિયાદ સાંભળીને એક ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ફરિયાદ દ્વારા આ સમગ્ર મામલે અંકિતને સુરતના અડાજણ એસ ટી ડેપો ખાતે બોલાવવામાં આવ્યો હતો. ત્યાં આવ્યા બાદ ફરિયાદી દ્વારા વોર્ડ નંબર ૪ના અધિકારી અંગે પૂછતા તેમણે ફરી નિરાલી દવે સાથે વાત કરાવી હતી. નિરાલી દવે સાથે વાત કરાવતા ફરિયાદીએ અંકિતને ૩૪ હજાર રૂપિયા આપ્યા હતાં. ૩૪ હજાર રૂપિયા અંકિત પાસે પહોંચતા જ એસીબીની ટીમ ત્રાટકી હતી. એસીબીની ટીમ દ્વારા અંકિતની પ્રથમ અટકાયત કર્યા બાદ અધિકારી અંગે પૂછતાછ કરી હતી. જોકે આ કાંડમાં નિરાલી દવે સામેલ હોવાનું સામે આવતા એસીબીએ બંને આરોપીઓની ધરપકડ કરી હતી.






સુરત એસીબી દ્વારા આ બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. ત્યારે આ સમગ્ર મામલે આ બંને કર્મચારીઓ દ્વારા ક્યાં કેટલા લોકો પાસેથી આ પ્રકારને ખોટુ બોલી લાંચ લીધી છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત આ બંને કર્મચારીઓ પાસે બેનામી મિલકતો છે કે તેમ તેની તપાસ કરાશે. સુરત એસીબી દ્વારા આ બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. ત્યારે આ સમગ્ર મામલે આ બંને કર્મચારીઓ દ્વારા ક્યાં કેટલા લોકો પાસેથી આ પ્રકારને ખોટુ બોલી લાંચ લીધી છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત આ બંને કર્મચારીઓ પાસે બેનામી મિલકતો છે કે તેમ તેની તપાસ કરાશે.

## ન્યૂઝ બ્રિફ

### ગાયોને બચાવવા ગાડીનો પીછો કરતાં ગૌસેવકો પર તલવારોથી હુમલો થયો

| બનાસકાંઠા, તા.૧૭ |

બનાસકાંઠાના દિયોદરમાં જીવદયા પ્રેમીને મારી નાખવાની ધમકી મળી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. તલવાર સાથે કારમાં ઘસી આવેલા શખ્સોએ 'આજે જીવતા મૂકવાના નથી' તેમ કહી અને મારી નાખવાનો પ્રયાસ કરતા હાહાકાર મચી ગયો છે. આ મામલે પોલીસમાં જાણ કરાતા પોલીસે પણ તપાસના ચક્રો ગતિમાન કરી રહી છે. જેમાં સીસીટીવી તપાસવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે. રાત્રિના સમયગાળા દરમિયાન આરોપીઓ પશુઓને ગાડીમાં ભરી કતલખાને લઈ જતા હતા. આ દરમિયાન રમેશભાઈ ભાટી સહિતનાઓએ પોલીસનો સંપર્ક કરી ગાડીનો પીછો કરવા જાણ કરી હતી અને તેઓ પણ પોતાની કાર લઈને પીછો કરી રહ્યા હતા. આ દરમિયાન આરોપીઓએ અકસ્માત સર્જી અને હત્યાનો પ્રયાસ કર્યો હોવાના ચોંકાવનારા આરોપ લાગી રહ્યા છે. ત્યારબાદ રમેશભાઈ ભાટી અને તેમના સાથી મિત્રો કાર લઈને પરત થઈ રહ્યા હતા.

### બજરંગદાસ બાપા આશ્રમના પૂજારીએ દમ તોડ્યો, મૃત્યુઆંક ૧૩ પર પહોંચ્યો

| અમદાવાદ, તા.૧૭ |

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દિહોરગામે બજરંગદાસબાપા મિત્ર મંડળ ગૃપ દ્વારા તાજેતરમાં દિહોરગામેથી ઉત્તરાખંડના હરિદ્વારની ધાર્મિક યાત્રાનું આયોજન કર્યું હતું, જે સંદર્ભે દિહોરથી નિકળેલ આ યાત્રાળુઓની બસને રાજસ્થાનના ભરતપૂર શહેરમાં વહેલી પરોઢીએ અકસ્માત નડતા ૧૨ યાત્રાળુઓના મોત થયા હતા અને ૧૨થી વધુ શ્રદ્ધાળુઓને ઈજા પહોંચી હતી. ત્યારે આજે વધુ એક યાત્રીનું મોત થતા આંક ૧૩ પર પહોંચ્યા હતો. ભાવનગર જિલ્લામાં શ્રાવણમાસ ગોઝારો નિવડ્યો છે.

---

#### બોટાદના બગડ ગામના રાજેશ મકવાણાના મૃત્યુનો મામલો

# રાજેશ મકવાણાના પરિવારજનોની માંગ સ્વીકારાતા આખરે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા

### પરિવાર દ્વારા અલગ અલગ ૧૩ જેટલી માંગો કરવામાં આવી હતી, જેમાં ૧૦ માંગો સ્વીકારવામાં આવ્યા બાદ પરિવારજનો દ્વારા મૃતદેહનો સ્વીકાર કરાયો હતો

| બોટાદ, તા.૧૭ |

બોટાદના બગડ ગામના મૃતક યુવકના મામલો ગરમાયો હતો. રાજેશ મકવાણાના પરિવારજનોની માંગ સ્વીકારાતા આખરે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. પરિવારજનોની માંગણી સ્વીકારવામાં આવતા અને ફરિયાદમાં ૩૦૨ ની કલમનો ઉમેરો કરવામાં આવતા અંતિમ સંસ્કાર કરાયા છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ગામમાંથી તેમની અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. બગડ ગામના યુવાન રાજેશભાઈ મકવાણા પર ૬ સપ્ટેમ્બરના રોજ હુમલો થયો હતો. જે બાદ તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મૃતકના પરિવારને આધાર આપવા સહિતની માંગણીઓ કરવામાં આવી હતી. જે સ્વીકારવામાં આવ્યા બાદ જ પરિવારજનોએ મૃતદેહને લઈ જવા તૈયાર થયા હતા. સાથે જ ૩૦૨ની કલમનો ઉમેરો કર્યાનો રિપોર્ટ પરિવારજનોને બતાવવામાં આવ્યા બાદ મૃતકના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. બગડ ગામે રાજેશભાઈ મકવાણાના હત્યા મામલે પરિવાર દ્વારા અલગ અલગ ૧૩ જેટલી માંગો કરવામાં આવી હતી. જેમાં ૧૦ માંગો સ્વીકારવામાં આવ્યા બાદ પરિવારજનો દ્વારા મૃતદેહનો સ્વીકાર કરાયો હતો. બગડ ગામ પરિવાર દ્વારા ૩૦૨ ની



કલમના ઉમેરા બાદ જ અંતિમયાત્રાની કરવામાં આવી હતી. ૩૦૨ ની કલમ બાદ પરિવારજનો દ્વારા અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. અંતિમયાત્રા દરમિયાનચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને શાંતિપૂર્ણ માહોલમાં અંતિમ વિધિ કરવામાં આવી હતી. વાત એમ હતી કે, ચાર વર્ષ પહેલા આપેલી જુબાનીના કારણે બોટાદમાં દલિતન યુવકની હત્યા કરવામાં આવી છે. આરોપી પિતા-પુત્રોએ હુમલો કર્યો હતો. જેથી પરિજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. રાણપુર તાલુકાના બગડ ગામે રહેતા અનુસૂચિત જાતિના રાજેશભાઈ મકવાણા પર ગત છ તારીખના રોજ હુમલો કરવામાં આવ્યો હતો. જેને ઈજાગ્રસ્ત હાલતમાં પ્રથમ સારવાર માટે બોટાદ તેમજ વધુ સારવાર માટે ભાવનગર ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યુ હતુ. આ મામલો હત્યામાં પરિણમતા રાજેશભાઈ મકવાણાના પરિવારજનો તેમજ અનુસૂચિત જાતિના આગેવાનો દ્વારા અલગ અલગ પ્રકારની ૧૩ માંગો કરવામાં આવી હતી. પરિવારી મુખ્ય માંગોની જો વાત કરીએ તો સરકાર દ્વારા આ પરિવારને જમીન આપવામાં આવે. રાજેશભાઈના બંને સંતાનોને સરકાર દ્વારા શિક્ષણ આપવામાં આવે. તેમજ હુમલાને ધ્યાને લઈ પરિવારજનોને સુરક્ષા આપ વામાં આવે. હથિયાર પરવાનો આપવામાં આવે તેવી માંગો કરવામાં આવી હતી. જેમાં ૧૦ માંગોનો સ્વીકાર બાદ ગત મોડી રાત્રે પરિવારજનો દ્વારા મૃતદેહનો સ્વીકાર કરાયો હતો.

---

#### CM ભૂપેન્દ્ર પટેલ રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર કરશે

# ૧૭થી ૧૯ સપ્ટેમ્બર CM ભૂપેન્દ્ર પટેલ રાજસ્થાનની મુલાકાતે

### રાજ્યમાં કોંગ્રેસ સરકારને રિપીટ કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે એવા સમયે જ્યારે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે રાજકીય ખેંચતાણ ચાલુ છે

| અમદાવાદ, તા.૧૭ |

રાજસ્થાનમાં આ વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો આ ચૂંટણી માટે કમર કસી રહ્યા છે. ભાજપ માટે સ્થાનિક નેતાઓની સાથે-સાથે રાષ્ટ્રીય નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓ સતત રાજ્યની મુલાકાત લઈ રહ્યા છે અને રાજસ્થાનની ગેહલોત સરકારને ઘેરી રહ્યા છે. બીજી બાજુ કોંગ્રેસ તરફથી સીએમ અશોક ગેહલોતની સાથે કોંગ્રેસના ટોચના નેતાઓ અને રાજ્ય સ્તરના નેતાઓ રાજ્યમાં કોંગ્રેસ સરકારને રિપીટ કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે. એવા સમયે જ્યારે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે રાજકીય ખેંચતાણ ચાલુ છે. આ દરમિયાન એક મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર કરવાની જવાબદારી સોંપ વામાં આવી છે. સીએમ ભૂપેન્દ્ર પ ટેલ ૩ દિવસ રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર કરશે. તેઓ આવતીકાલથી એટલે કે ૧૭થી ૧૯ સપ્ટેમ્બર સુધી રાજસ્થાનની મુલાકાતે જઈ રહ્યા છે. સીએમ ભૂપેન્દ્ર પટેલ રાજસ્થાનના કોટામાં ચૂંટણીનો પ્રચાર કરશે. સીએમ ભૂપેન્દ્ર પટેલ ૧૭, ૧૮ અને ૧૯ સપ્ટેમ્બર એમ ત્રણ દિવસ રાજસ્થાનમાં ચૂંટણી માટે પ્રચાર કરશે. આ દરમિયાન તેઓ કોટા વિધાનસભા વિસ્તારમાં ચૂંટણી કાર્યક્રમોમાં ભાગ લેશે અને પ્રદેશ ભાજપની રેલીઓમાં સામેલ થશે. આપને જણાવી દઈએ કે, આ પહેલા ગુજરાત ભાજપના ૫૦થી વધુ નેતાઓ અને ધારાસભ્યો રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર માટે જઈ ચૂક્યા છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતના ભાજપના ધારાસભ્યોને પણ દેશના ચાર રાજ્યોમાં ચૂંટણી પ્રચાર કરવાની સૂચના આપવામાં આવી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડા દ્વારા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવી છે. નીતિન પટેલને રાજસ્થાનના સહ ચૂંટણી પ્રભારી બનાવવામાં આવ્યા છે. વિધાનસભામાં કોંગ્રેસના ૧૦૮ ધારાસભ્યો ઉલ્લેખનીય છે કે, રાજસ્થાનમાં ૭ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસને ૧૦૮ સીટો મળી હતી. જ્યારે ભારતીય જનતા પાર્ટીને ૭૦ સીટો મળી હતી. જે બાદ અશોક ગેહલોતને રાજસ્થાનના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા.

---

#### અમદાવાદમાં બે મોટી લૂંટનો ભેદ ઉકેલાયા

# લૂંટના ગુનામાં સંડોવાયેલ બંટી-બબલીમાંથી મહિલા આરોપીની ધરપકડ કરવામાં આવી

### આરોપી ડોક્ટરના વેશમાં ફરતી જેને અન્ય બે લૂંટને અંજામ આપ્યાની આશકા છે સાથે જ મહિલા આરોપી પાસેથી દસ લાખની રોકડ રકમ પણ કબજે કરવામાં આવી છે.

| અમદાવાદ, તા.૧૭ |

IIM બ્રિજ પાસે થયેલી ૨૫ લાખની લૂંટ મામલે ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે અને લૂંટના ગુનામાં સંડોવાયેલ બંટી-બબલીમાંથી મહિલા આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મહિલા આરોપી ડોક્ટરના વેશમાં ફરતી જેને અન્ય બે લૂંટને અંજામ આપ્યાની આશકા છે. સાથે જ મહિલા આરોપી પાસેથી દસ લાખની રોકડ રકમ પણ કબજે કરવામાં આવી છે. મહિલા પોલીસની કસ્ટડીમાં રહેલી આરોપી મહિલાનું નામ રેખા માલી છે. જે ખોખરા ભાઈપુરા વિસ્તારની રહેવાસી છે. પરંતુ તેના સાગરીત નકુલ તમંચે સાથે મળી શહેરના અલગ અલગ વિસ્તારમાં બે લૂંટને અંજામ આપ્યો હતો. મહિલા આરોપી પાસેથી



ક્રાઈમ બ્રાન્ચે દસ લાખની રોકડ રકમ કબજે કરી છે. સાથે જ તેને પૂછપરછમાં એલિસબ્રિજ વિસ્તારમાં થયેલી સાડા ત્રણ લાખની લૂંટ અને ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આઈઆઈએમ બ્રિજ પાસે થયેલી ૨૫ લાખની લૂંટનો ભેદ ઉકેલાયો છે. જોકે આ ગુનામાં તેનો સહ આરોપી નકુલ તમંચે ફરાર છે. જેની પોલીસે શોધખોળ હાથ ધરી છે. ઝડપાયેલ આરોપી મહિલા રેખા તેના અન્ય ત્રણ સાગરીતો સાથે મળી આંગડિયા પેઢીની બહાર વોચ રાખતી હતી અને જેવો કોઈ શિકાર તેમના ધ્યાને આવે તરત જ તેની રેકી કરી લૂંટને અંજામ આપતા હતા. રેખાની સાથે રહેલા અન્ય ત્રણ આરોપીઓ માં નકુલ તમંચે તેનો ડ્રાઈવર રહેતો અને અન્ય વાહન પર બીજા બે યુવકો રહેતા હતા. તેઓ કોઈપણ બહાને ભોગ બનનારને રોકી વાતોમાં રાખતા અને નકુલ તથા રેખા રોકડ ભરેલો થેલો લઈને ફરાર થઈ જતા હતા. સાથે જ રેખા ડોક્ટરો પહેરે તેવું સફેદ કલરનું એપ્રોન પહેરતી હતી. જેથી કોઈને તેના પર શક ન જાય અને ગુનાને અંજામ આપી તેઓ ફરાર થઈ શકે. આરોપી મહિલા રેખા માલીની ધરપ કડ કરી તેની પૂછપરછ કરતા સામે આવ્યું કે, તેની સાથે રહેલો સહ આરોપી નકુલ અલગ અલગ ૮ પોલીસ સ્ટેશનના લૂંટના ગુનાઓમાં સંડોવાયેલ છે. તથા તેના બે અન્ય સાગરિતો વિશે પોતે કંઈ ન જાણતી હોવાનું જણાવી રહી છે.

---

#### સિઝનમાં પ્રથમ વખત નર્મદા ડેમના દરવાજા ખોલાયા

# સરદાર સરોવર ડેમ ૯૧ ટકા ભરાયો, ૧૨ દરવાજા ખોલી ૮ લાખ ક્યુસેક પાણી છોડાયું

### યાત્રાધામ ચાંદોદ, કરનાળી, ભીમપુરા, નંદેરીયા, સહિતના નીચાણવાળા વિસ્તારોમાં લોકોને એલર્ટ કરાયા છે

| નર્મદા, તા.૧૭ |

મધ્યપ્રદેશના ઓમકારેશ્વર ડેમના ૨૩ દરવાજા ખોલીને પાણી છોડવામાં આવ્યું છે. પાણી છોડાતા સરદાર સરોવર ડેમની જળ સપાટી ૧૩૬.૩૭ મીટરે પહોંચી છે. હાલ સરદાર સરોવર ડેમ ૯૧ ટકા ભરાયો છે. સરદાર સરોવરના ૧૨ દરવાજા અને ૮ મશીનો દ્વારા ૮ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. જ્યારે આજે નર્મદા ડેમના કુલ ૩૦ દરવાજા ખોલવામાં આવશે. આજે સિઝનમાં પ્રથમ વખત નર્મદા ડેમના દરવાજા ખોલાયા છે. ઉપ રવાસમાં વરસાદથી સતત થઈ રહેલી પાણીની આવકના કારણે ડેમના દરવાજા ખોલાયા છે. તેવામાં ડભોઈ તાલુકાના નર્મદા નદી કિનારાના ગામોમાં અલર્ટ જાહેર કરાયું છે. યાત્રાધામ ચાંદોદ, કરનાળી, ભીમપુરા, નંદેરીયા, સહિતના નીચાણવાળા વિસ્તારોમાં લોકોને એલર્ટ કરાયા છે. નર્મદા ડેમમાંથી પાણી છોડાતા નદીની જળસપાટી વધી રહી છે. તેવામાં કિનારાના વિસ્તામાં લોકોને ન જવા અપીલ કરાઈ છે. મધ્યપ્રદેશના ખરગોનમાં મેઘરાજાએ જાણે રૌદ્ર સવારી કરી છે. ડેમમાંથી સતત છોડાઈ રહેલા પાણીના કારણે નર્મદા નદી રૌદ્ર સ્વરૂપે વહી રહી છે.

---

#### સી.આર પાટીલના હસ્તે ધારણ કર્યો ભાજપનો ખેસ

# ગુજરાત કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી હરેશ વસાવાનું રાજીનામુ

### કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી હરેશ વસાવા કોંગ્રેસને અલવિદા કહીને વિધિવત રીતે ભાજપમાં જોડાઈ ગયા છે

| અમદાવાદ ,તા.૧૭ |

દેશમાં આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે લોકસભાની ચૂંટણીને લઈને ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસે તૈયારી શરૂ કરી દીધી છે. લોકસભાની ચૂંટણી પ હેલાં કોંગ્રેસે પોતાના અધ્યક્ષ બદલી ગુજરાત કોંગ્રેસની કમાન શક્તિસિંહ ગોહિલના હાથમાં સોંપી દીધી છે, ત્યારે બીજી તરફ ભાજપે પણ અત્યારથી જ રણનીતિઓ ઘડવાનું શરૂ કરી દીધું છે. લોકસભાની ચૂંટણી નજીક આવતા પ ક્ષપલટો શરૂ થઈ ગયો છે. આ વચ્ચે કોંગ્રેસ માટે મોટા ઝટકા સમાન સમાચાર સામે આવ્યા છે. કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી હરેશ વસાવા કોંગ્રેસને અલવિદા કહીને વિધિવત રીતે ભાજપમાં જોડાઈ ગયા છે. કોંગ્રેસ નેતા હરેશ વસાવાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ હવે તેઓએ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લીધો છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલ દ્વારા તેમને ખેસ પહેરાવીને ભારતીય જનતા પાર્ટીમાં આવકારવામાં આવ્યા છે. હરેશ વસાવાની સાથે જ તેમના સમર્થકોએ પણ ભાજપનો ખેસ ધારણ કર્યો છે. ભાજપમાં જોડાતા પહેલા હરેશ વસાવાએ સી.આર પાટીલ સાથે સુરતમાં બેઠક યોજી હતી. બેઠક બાદ તેઓ ભાજપમાં જોડાયા હતા. આપને જણાવી દઈએ કે, ગત વર્ષે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં હરેશ વસાવાને કોંગ્રેસે નાંદોદ બેઠક પરથી ટિકિટ આપી હતી.

---

#### ગણેશ ઉત્સવ AMCના કોન્ટ્રાક્ટરો માટે મહોત્સવ બન્યો

# ગણેશ વિસર્જન માટે ૭ ઝોનમાં કુંડ બનાવશે

### વિવિધ ઝોનમાં જુદી જુદી જગ્યાએ કુલ ૪૬ વિસર્જન કુંડની સુવિધા કરવામાં આવી છે

| અમદાવાદ ,તા.૧૭ |

અમદાવાદમાં ગણેશ મહોત્સવને લઈને AMCએ આયોજન કર્યંર છે. જો કે, ગણેશ ઉત્સવ AMCના કોન્ટ્રાક્ટરો માટે મહોત્સવ બન્યો છે. ગયા વર્ષે કુંડ બનાવવા પાછળ ખર્ચ કુંડ દીઠ ૭થી ૧૦ લાખ કરાયો હતો. જો કે, આ વર્ષે કુંડ દીઠ ૧૧થી ૧૭ લાખ ખર્ચ AMC કરશે. ગણેશ વિસર્જન માટે ૭ ઝોનમાં કુંડ બનાવશે. જેમાં કુલ ૪૬ વિસર્જન કુંડ બનાવવામાં આવશે. ગયા વર્ષે ૨થી અઢી કરોડ કુલ ખર્ચ કુંડ બનાવવા કરાયો હતો. આ વર્ષે તેનાથી પણ બમણો ખર્ચ થવાનો છે. આ વર્ષે ૫થી ૬ કરોડ સુધી કુંડનો ખર્ચ થશે. મહત્વનું છે કે, ૨ વર્ષથી કાયમી કુંડ બનાવવાની વાત કરવામાં આવી રહી છે, જેથી વારંવાર આ ખર્ચ ન થાય. પરંતુ કાયમી કુંડની વાત માત્ર કાગળ પર જ રહી ગઈ છે. આ વર્ષે તા.૧૯ સપ્ટેમ્બરથી ૨૮ સપ્ટેમ્બર સુધી ગણેશોત્સવ ઉજવવામાં આવશે. ત્યારે મહોત્સવને લઈને AMC ગણેશજીની મૂર્તિના વિસેરજનને લઈને ખાસ તૈયારીઓ કરી લીધી છે. આ માટે વિવિધ ઝોનમાં જુદી જુદી જગ્યાએ કુલ ૪૬ વિસર્જન કુંડની સુવિધા કરવામાં આવી છે. ઝોન વાઈઝ વિસેર્જની



કુંડની વાત કરીએ તો મધ્ય ઝોન-૯, ઉત્તર ઝોન-૬, દક્ષિણ ઝોન-૫, પૂર્વ ઝોન-૪, પશ્ચિમ ઝોન-૧૩, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૯ કુંડ બનાવવામાં આવશે. આ ઉપરાંત ફાયરબ્રિગેડ, ક્રેઈન, પીવાના પાણીની સુવિધા તેમજ તમામ વિસર્જન સ્થળોની આસપાસ લાઈટ તેમજ સફાઈની સુવિધા, મોબાઈલ ટોઈલેટ વાનની સુવિધા અને ખાલી ડ્રમની વ્યવસ્થા કરવામાં આવશે. ફાયર વિભાગ દ્વારા ચીફ ફાયર ઓફિસરથી લઈ ફાયરમેન સુધીના કુલ ૨૬૩ જેટલા સ્ટાફની વિસર્જન માટે ફાળવણી વિસર્જનના દિવસે શાહીબાગ, જમાલપુર, પાલડી, ટાઉનહોલ, વાડજ હજાર રેહેશે.

---

#### અમદાવાદમાં ભારે વરસાદ

# પૂર્વ વિસ્તારના અનેક વિસ્તારો વરસાદથી પાણી પાણી થઇ ગયા

### શહેરમાં વરસાદ માટે કંટ્રોલ રૂમ શરૂ : સીસીટીવીના માધ્યમથી શહેર પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે

| અમદાવાદ, તા.૧૭ |

રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકી રહ્યો છે. શહેરમાં થોડા જ વરસાદમાં પૂર્વ વિસ્તારના અનેક વિસ્તારો પાણી પાણી થઈ ગયા છે. અમદાવાદમાં મોડી રાતથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. તો બીજી બાજુ એએમસી તંત્ર સજ્જ થયુ છે. શહેરમાં વરસાદ માટે કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે. સીસીટીવીના માધ્યમથી શહેર પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. જ્યારે વાસણા બેરેજના પણ છ દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. શહેરના અજીત મિલ વિસ્તારમાં કમર સુધી પાણી ભરાયા છે. પૂર્વ અને પશ્ચિમ અમદાવાદમાં ભારે વરસાદ ખાબક્યો છે. ગોમતીપુર, રખિયાલ વિસ્તારમાં પાણી ભરાયા છે. શહેરના મુખ્ય રસ્તાઓ પર પાણીમાં ગરકાવ થઈ ગયુ છે. શહેરમાં હજુ ભારે વરસાદ પડે તેવી શક્યતા સેવાઈ રહી છે. અમદાવાદમાં વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો છે ત્યારે વરસાદ વચ્ચે AMC તંત્ર સજ્જ થયુ છે. કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે. AMCના અધિકારીઓ સતત મોનિયરિંગ કરી રહ્યા છે. CCTVના માધ્યમથી શહેર પર નજર રાખી રહ્યા છે. સાબરમતી વાસણા બેરેજનું લેવલ ડાઉન કરાયું છે.

---

# ૧૩૬ તાલુકામાં વરસ્યો ભારે વરસાદ, એલર્ટ પર નર્મદા જિલ્લો

| અમદાવાદ, તા.૧૭ |

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. રાજ્યમાં સવારથી જ વરસાદી માહોલ જોવા મળ્યો છે. ઉત્તર ગુજરાતથી સૌરાષ્ટ્ર, અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ તૂટી પડ્યો છે. જેને કારણે અનેક ડેમ ઓવરફ્લો થયા છે. તો અનેક વિસ્તારો ડૂબાણમાં આવ્યા છે. આ કારણે લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ પર નજર કરીએ તો, આજે સવારથી ૧૩૬ તાલુકામાં વરસાદ વરસ્યો છે. ૨૪ તાલુકામાં ૧ ઈંચ કે તેથી વધુ વરસાદ વરસ્યો છે. ૨૫ તાલુકામાં અડધા ઈંચ કે તેથી વધુ વરસાદ પડ્યો છે. તો ૬૮ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. પંચમહાલના શહેરામાં ૬ ઈંચ વરસાદ, મહિસાગરના



વીરપુરમાં ૪ ઈંચથી વધુ વરસાદ, પંચમહાલના ગોધરામાં ૪ ઈંચ જેટલો વરસાદ, દાહોદના લીમખેડા અને સાબરકાંઠાના તલોદમાં અઢી ઈંચ જેટલો વરસાદ, પંચમહાલના મોરવા હડફમાં ૨ ઈંચથી વધુ વરસાદ, અરવલ્લીના ભિલોડામાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. સરદાર સરોવર નર્મદા ડેમમાંથી ૧૯ લાખ ક્યુસેક પાણી છોડવાને પગલે ભરૂચ જિલ્લાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.




ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત | દૈનિક સમાચાર પત્ર

ઉપાડો ફોન

9800708900

આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો

દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...

cnngujarat@gmail.com


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨